# યશો વન્દના

-પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ

શ્રી વિજય દેવસૂરિ જૈન ગ્રન્થમાળા-પુષ્પ-૮

# યશોવન્દના

(ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનું સંક્ષિપ્ત જીવન દર્શન)


* લેખક *

પૂજ્યપાદ આચાર્ય મ. શ્રી વિજય દેવસૂરિજી મહારાજના
પટ્ટધર પૂજ્ય આચાર્ય મ. શ્રી વિજય હેમચંદ્રસૂરિજી
મહારાજના શિષ્ય
પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ



* પ્રકાશક *

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
૪૪, વર્ધમાન ફ્લેટ, પાલડી, અમદાવાદ-૭.

※ પ્રકાશક ※
શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
મહેશભાઈ શાંતિલાલ ભગત
૪૪, વર્ધમાન ફ્લેટ પાલડી,
અ મ દા વા દ - ૩૮૦ ૦૦૭.

પ્રથમાવૃત્તિ :
દીપાવલી ૨૦૪૩

※ શ્રુત ભક્તિ લાભ ※
શ્રી રસિકલાલ રતિલાલ શાહ
શ્રી નવીનચંદ્ર નગીનદાસ ગાંધી

※ મૂલ્ય ※
પવન સુગંધી ન્યાયે
સર્વત્ર પ્રસરાવજો

※ મુદ્રક ※
રાજસ્થાન પ્રિન્ટર્સ
મહેંદીકુવા શાહપુર, અમદાવાદ-૧.

## પ્રાર્થના

(પૃથ્વી)

અનાથ; વળી ભવરણે વિષયધૂલિ આંધી ઘણી,
ન ક્યાંય નજરે ચઢે વિમલવાટ કે ઓટલો,

પદસ્ખલન પામતો, પદ પદે મૂંઝાતો ઘણું,
નિરાશ, ભયભીતને, ચપલ, જાત હીણી ગણું,


તિહાં પુરવ પુણ્યથી અકથ હેતુથી 'જસ' મલ્યા,
નિહાળી મુજચિત્તમાં અકળ સાત વ્યાપી રહી,

છતાંય મુજ દેહ ને ચરણમાં ન જુસ્સો કશો,
પરંતુ મુજ ચિત્તમાં પ્રબળ એક શ્રદ્ધા ધરૂં,

કરૂં વિનતિ એટલી વિનય નમ્ર વદને પ્રભો,
કૃપા સભર નેણથી મુજ ભણી નિહાળો સદા,

સમગ્ર ભવને વિષે સતત સાથ રહેજો મુદા,
નમી વળી વળી લળી તુમ તણાં ભરોસે કહું,

જરૂર 'જસ' આંગળી વળગી પાર પહોંચીશ હું !




પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ

# વિરાટ અસ્તિત્વ : ઉપાધ્યાયજી મહારાજ

"ઉપાધ્યાયજી જેવી મહાન હસ્તિને સમજવામાં આપણાં જેવા નાના માણસો ક્યાંક ગોથુ ખાઈ જાય, તોય આપણને એમ કરવાનો હક છે. પરંતુ નાના છીએ એ બહાના હેઠળ એમને સમજવા માટેની મથામણ ટાળવાનો હક આપણને નથી"

આ અવતરણ ચિહ્નમાં મૂકેલા વાક્યમાં જે વાત છે. તે બહુ ગંભીર છે. શું આપણે આવા મહાન પુરૂષને સમજવા મથામણ કરીએ છીએ ખરા ? અરે ! આપણને તો તેનું ગૌરવભાન પણ કેટલું છે ?

તેઓ જે સમય સંજોગમાં આ ઉંચાઇએ પહોંચ્યા છે. તે જોતાં તેઓની સિદ્ધિમાં સાધન કરતાં સત્વનો જ સિંહભાગ છે. આ સત્વ સ્વયંભૂ હોય છે. નિજી હોય છે. માત્ર તેને ખીલવવા માટેનું અનુકૂળ વાતાવરણ સર્જવાનું કાર્ય સંયોગો કરી આપે છે

અરે ! ક્યારેક તો સત્વથી ઉભરાતી વ્યક્તિઓનું સત્વ અનુકૂળ સમય સંજોગ કરતાં પ્રતિકૂળ સમય સંજોગમાં, વધુ સારી રીતે નિખરી ઉઠે છે. પડકાર; પ્રતિકારશક્તિને જાગૃત કરે છે સત્વ તો પથ વચ્ચેના પથરાનો પગથીઆ તરીકે ઉપયોગ કરીને પ્રગતિ સાધે છે.

ઉપાધ્યાયજી મહારાજની ઘટનામાં પણ કાંઈક આવું જ બન્યું. કેટલાક પરધર્મીના આક્રમણો, તત્કાલીન શ્રી સંઘની

અવ્યવસ્થા, પ્રભુના માર્ગની એકાધિક મતતા, પ્રતિમા પ્રતિપક્ષ પક્ષીઓનો પ્રતિકાર, આ બધામાં તેઓની પ્રતિભા ખીલી ઊઠી.

કેટલાંય સોનેરી તત્વો-પદાર્થો તેઓએ ખોજી કાઢયા, પહેલ પાડયા પ્રચલિત અર્થ પરિમાણને બદલીને નવાં નવાં દષ્ટિકોણથી એ પ્રાચીનઋષિના શબ્દોમાં અન્તર્નિહિત ભિન્ન-ભિન્ન સંવાદી ભાવો રજુ કર્યા.

નવા અર્થ ઘટનથી આગમના શબ્દો ઉપર અનહદ આસ્થા પ્રગટી, પૂજય ભાવ વધુ દ્રઢ થયો.

આપણને જે શબ્દો જડ જેવા દીસે છે તે શબ્દો તેઓ પાસે ચૈતન્યથી ઉભરાતા હોય તેમ લાગે છે.

આ બધો ઉપકાર તેઓનો અવિસ્મરણીય છે. સાથે અંગત જીવન પણ એવું જ સરળ, નિર્દંભ ઉત્તમધ્યેય પ્રતિ કટિબદ્ધ હતું તેની પણ તેઓના સાહિત્યમાં અસર દેખાય છે.

જે આપણા માટે પ્રેરક છે.

આવા એક બે ત્રણ સૈકે પ્રગટે કે ન પ્રકટે તેવા પુરૂષના જીવનની અલ્પ રેખાઓ દોરવાનો અહીં એક નમ્ર પ્રયત્ન કર્યો છે.

તે વાંચીને વાચકો તેઓના જીવનનાં રાગી બનીને પરંપરાએ પ્રભુ શાસનનાં રાગી બનો એજ શુભેચ્છા સાથે–

– પ્રદ્યુમ્ન વિજય

## જન્મભૂમિ કનોડા

ગુજરાત દેશ, ઉત્તર ભાગ, મહેસાણાથી મોઢેરા જતાં રસ્તામાં આવતું નાનું એવું કનોડા ગામ.

અંદાજ સાડા ત્રણસો–પોણા ચારસો વર્ષ પુરાણી આ વાત. શ્રાવકોનાં ઘર ઘણાં. નાનું રળીયામણું દેરાસર, પૂજ્ય સાધુ મહારાજ, પૂજ્ય સાધ્વીજી મહારાજના વિહારનું ગામ. અહીંથી ગાંભૂ–મોઢેરા–વડાવલી–ચાણસ્મા થઇ પાટણ જવાય. તેજ રીતે ધીણોજ–પાંચોટ થઈ મહેસાણા પણ જવાય. અવારનવાર પુણ્ય પુરુષોનાં પાવન પગલાં આ ધરતી પર થતાં.

## કુણઘેરમાં ચાતુર્માસ

વિ. સં. ૧૬૮૮ ની સાલ. જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજની પરંપરામાં તેઓના શિષ્ય ઉપાધ્યાયજી શ્રી કલ્યાણવિજયજી મહારાજ, તેઓના શિષ્ય પંડિત શ્રી લાભવિજયજી મહારાજ તેઓના શિષ્ય પંડિત શ્રી જીતવિજયજી, તેઓના ગુરુભાઈ પંડિત શ્રી નયવિજયજી મહારાજ કુણઘેર ગામે ચોમાસુ વિરાજ્યા હતા. ચાતુર્માસ પરિપૂર્ણ કરીને ચાણસ્મા–વડાવલી–મોંઢેરા–ગાંભૂ વગેરે ગામોની સ્પર્શના કરતાં કરતાં તેઓશ્રી કનોડા ગામે પધાર્યા.

## જન્મદાતા તથા બાન્ધવ

આ ગામમાં શ્રી નારાયણ નામે વ્યાપારી રહે. તેમનાં પત્ની સૌભાગ્યદેવી ધર્મપરાયણ હતાં. તેઓના પરિવારમાં બે દીકરા, મોટો પદ્મસિંહ નાનો જશવંત. જશવંત વયમાં નાનો હતો, છતાં બુદ્ધિમાં ખૂબ તેજસ્વી હતો. ધર્મશ્રદ્ધાળુમાતા સૌભાગ્યદેવીને ડાબી–જમણી આંખની જેમ બન્ને બાળકો પર હેતપ્રીત સરખાં. છતાં નાનાની હોશિયારીના કારણે અને તેમાં પણ એક દિવસની ઘટના પછી વિશેષ વહાલ ઉપન્યું. ઘટના આવી બની હતી.

## ભક્તામરશ્રવણનો નિયમ અને તેની કસોટી

સૌભાગ્યદેવીએ ધર્મ પ્રત્યેની અવિચળ શ્રદ્ધાના કારણે એક વખત એવો નિયમ લીધો કે શ્રી ભક્તા-

મરસ્તોત્રનું શ્રવણ કરીને જ અન્નજળ લેવાં. અને એ નિયમ, ઠીક સીલસીલાબંધ પળાતો રહ્યો. પણ જ્યાં પ્રતિજ્ઞા ત્યાં કસોટી આવે. અને એ રીતે ચોમાસાના દિવસો. વરસાદ કહે મારું કામ. મૂશળધારે અનરાધાર વરસાદ જામ્યો. 'યથા રાત્રૌ તથા દિવા' એ ન્યાયે અવિરામ ઝડીઓ વરસવા લાગી. આભમાં રાત્રે તારા ન દેખાય અને દિવસે આકાશ ન દેખાય. માત્ર જળભરેલાં વાદળાં, વીજળી ને વરસાદ. એક દિવસ, બે દિવસ...ત્રણ દિવસ... હવે! આ તો હેલી....કુદરત હેલે ચડે પછી શું પૂછવું. નિયમમાં મક્કમ એવાં સૌભાગ્યદેવી ધર્મધ્યાનમાં પરોવાયાં. ચોથા દિવસે ચકોર જસવંતની નજર ગઈ કે બા કશું ખાતી નથી, પીતી નથી. આમ કેમ? અને દિવસ આખો સામાયિક, માળા કાઉસ્સગને, ખમાસમણાં જ કરે છે. એટલે હઠ લઈને પૂછે છે, "મા! કેમ ખાતી નથી?" શરૂ શરૂમાં તો આવા નાનકાને શું ખબર પડે? એમ માની કહેવાનું ટાળે છે. પછી સ્નેહભરી, અરે! કહો કે જીદભરી હઠે માને કહેવું પડે છે. કહે છે, "ભક્તામર સ્તોત્ર સાંભળ્યા પછી જ અન્ન-પાણી લેવાનું વ્રત છે. અવિરત વરસાદ ચાલુ છે. મેઘ વિરમતો નથી તેથી ઉપાશ્રયે સાધ્વીજી મહારાજ પાસે સાંભળવા જવાતું નથી. મને એ સ્તોત્ર આવડતું નથી. તેથી નિયમના કારણે હું કશું અન્ન-પાણી લેતી નથી". તરત બાળક જશવંત બોલ્યો : 'બા! મને આવડે છે, તું કહે તો હું તને

સંભળાવું !" માને આ વાત રમૂજ જેવી લાગી, છતાં કહ્યું : 'બોલ !' અને જશવંત કડકડાટ એક પણ ભૂલ વિના શ્રીભક્તામર સ્તોત્રનો સંપૂર્ણ પાઠ બોલી ગયો. સાંભળીને હેત અને હેરત બન્નેથી માનું હૈયું ભરાઈ ગયું. વહાલની તો હૈયામાં ભરતી જ આવી. હૈયામાં સમાય નહિ એટલું વહાલ ઉભરી આવ્યું. બહાર વરસાદની હેલી અને ભીતર હેતની હેલી.

જોતજોતામાં ઘરમાં ને ફળિયામાં ને ગામમાં આ વાત વીજળીવેગે ફેલાઈ ગઈ. જેણે જેણે જાણ્યું એ સૌના મનમાં અણઓસર્યું વિસ્મયનું પૂર આવ્યું. કોઈના માન્યમાં જ ન આવે કે સૌભાગ્યદેવીનો નાનકો જશવંત આવું બોલી શકે. બધાં એકી શ્વાસે પૂછવા લાગ્યા : "આ શીખ્યો ક્યાં? ક્યાંથી આણે આવું અઘરું સ્તોત્ર કંઠે કરી લીધું ?" જશવંતે માને કહ્યું, "તારી જોડે હું ઉપાશ્રયમાં આવતો અને પાસે બેસીને હું પણ સાંભળતો એમ સાંભળતાં–સાંભળતાં મને યાદ રહી ગયું."

## ગુરુસમાગમ

બસ, તે દિવસથી ભાઈ આખા ગામમાં જાણીતાને માનીતા થઈ ગયા. આ ઘટના ચોમાસામાં બની. અને ચોમાસુ ઊતર્યે પૂજ્ય પં શ્રી નયવિજયજી મહારાજ શુભ શકુને કનોડે પધાર્યા. ગામ આખું આ વાતનું – આ ઘટનાનું ગૌરવ અનુભવે. અને ગામમાં આવેલા અતિથિને–

મેહમાનને જેમ કોઈ જોવાલાયક સ્થળ બતાવતા હોય તેમ તેના મોં ભરીને વખાણ કરે. તે રીતે બધાં જ કહે : 'મહારાજસાહેબ ! અમારા ગામમાં એક નાનો છોકરો છે. તેને આખું ભક્તામર સ્તોત્ર કડકડાટ આવડે છે.' ગામનાં તમામ ભાઈ–બહેનો ગૌરવભેર આ વાતનો ઉલ્લેખ કરે, અને પછી તો...

ખુદ સૌભાગ્યદેવી જ જશવંતને લઈને ઉપાશ્રયે આવ્યાં. વંદન કર્યાં. બેઠાં અને ગુરૂ મહારાજની હાજરીમાં જ ભક્તામરના શ્લોકોનો પાઠ થયો. સાંભળીને ગુરુમહારાજ પણ ખૂબ રાજી થયા. સૌભાગ્યદેવીને ધર્મનો–વૈરાગ્યનો ઉપદેશ આપ્યો : "આવું રત્ન શાસનને સમર્પિત થાય તો સ્વના કલ્યાણ સાથે અનેક આત્માના કલ્યાણમાં પરમ નિમિત્ત બને. તમને–તમારા કુળને અજવાળે અને તારે. આત્મિક દૃષ્ટિએ અપાર લાભનું કારણ બને."

## શાસનચરણે રત્ન સમર્પણ

પરમ ભદ્રિક એવા નારાયણ અને સૌભાગ્યદેવીને વાત ગમી–ગળે ઊતરી. સંમત થયા. શુભ અને શ્રેયસ્કર કાર્ય કરવામાં વિલંબ શો ? શુભમુહૂર્ત્ત જોવરાવ્યું. નજીક માં જ તીર્થસ્વરૂપ અણહિલપુર પાટણ. ત્યાં તપાગચ્છ–શિરતાજ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ વિરાજમાન

હતા. પૂજ્ય નયવિજયજી મહારાજ પણ કનોડાથી વિહાર કરી ધીણોજ–રણુંજ થઈ પાટણ શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનના સાન્નિધ્યમાં પોળિયાના ઉપાશ્રયે જ્યાં પૂજ્યપાદ શ્રી વિજયદેવસૂરિજી મહારાજ હતા ત્યાં પધાર્યા.

## ત્યાગમાર્ગનું સન્માન

આ બાજુ કનોડામાં જશવંતની દીક્ષાની, સર્વસંગ-પરિત્યાગની વાતો, મોસમનો પહેલો વરસાદ થાય અને વાતાવરણમાં માટીની સોડમ બધે ફેલાઈ જાય તેમ ફેલાઈ ગઈ. ઘર, કુટુંબ અને ગામમાં હરખનો પાર નથી. માન–સંમાન, વારણાં ઓવારણાં એવાં થવા લાગ્યાં કે એ જોઈને જ દીક્ષા લેવાનું મન થઈ જાય. સૌભાગ્યદેવીનો દીકરો પણ સૌભાગ્યવંતો. બધા એને બોલાવે, આવકારે, પૂછે, વહાલપભરી નજરે નીરખે. આવા જ વાતાવરણની અસર પદમસિંહને થઈ. તેનું મન તૈયાર થયું. માતાને વાત કરી. મા તો રાજીના રેડ. એકથી બે ભલાં. એમ બન્નેનું નક્કી થયું.

## પાટણમાં બે ભાઈઓની દીક્ષા

ઉમંગભેર બધા પાટણ ગયા. ગુરુમહારાજના આશીર્વાદ લીધા. નિર્ણીત મુહૂર્તે બન્ને ભાઈઓની દીક્ષા થઈ. મુનિ શ્રી પદ્મવિજયજી અને મુનિશ્રી યશોવિજયજી નામ સ્થાપન કર્યું. રંગેચંગે માતાપિતાએ મન ભરીને આશિષ વરસાવ્યાં: "ચારિત્ર ચોખ્ખું પાળજો, શાસનને શોભાવજો, વેશને દીપાવજો, કુળને અજવાળજો

ને અમને તારજો.” સકલ સંઘમાં હરખનો પાર નથી. ચોરે ને ચૌટે, બે મોઢે ને ચાર આંખે આનંદને અનુમોદના જ છલકાય છે. ગુરુમહારાજને વિનંતિ કરી, “હવે અમારા બાળ જશવંત, અરે! જસવિજયજીને લઈને એક વાર કનોડે પધારો. પછી આગળ જ્યાં આપની મરજી પડે ત્યાં વિહાર કરજો.”

## કનોડામાં પધરામણી અને હર્ષની હેલી

શ્રી આવશ્યક સૂત્ર,શ્રી દશવૈકાલિક સૂત્રના યોગોદ્દ્વહન પાટણમાં જ થયા. વડીદીક્ષા પણ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે થઈ. શ્રી યશોવિજયજીનો અભ્યાસ શરૂ થઈ ગયો. પ્રાથમિક બધું ઝપાટાબંધ આવડતું ગયું. બાલ્યાવસ્થાની ચપળતા કે ચંચળતાનું નામ નહીં. તે પછી માંડલીના સાત આયંબિલ પણ થઈ ગયા. શુભ દિવસે મહેસાણા ભણી વિહાર કર્યો. ચાણસ્મા, વડાવલી, ગાંભૂ થઈ ગુરુમહારાજ પરિવાર સાથે કનોડે પધાર્યાં. વાજતે-ગાજતે સામૈયા થયા.ગામ આખું જોવા ઉમટ્યું. બધાને મન શી વાત? ગામ બધું ટોળે મળીને હરખાતું આવે, જુવે ને રાજી થાય છે. સાધુવેશમાં કેવાં સોહામણા લાગે છે. કોઈ કહે નહીં કે આ નવા મહારાજ છે, ત્રણ દિવસ રોકાયા. ત્રણ દિવસ તો પલકારામાં વીતી ગયાં. વિહાર વખતે ગામ આખું વળાવવા આવ્યું. ઘણાં ખરાં ગોંદરે રોકાયાં, થોડાં સીમાડા સુધી આવ્યાં, નદી આવી

ત્યાં સુધી કેટલાંક આવ્યાં, પછી ત્યાં ઊભા રહ્યાં. માંગલિક સંભળાવ્યું. "શાતામાં રહેશો, વ્હેલા વ્હેલા પધારજો, દેવ દર્શને સંભારજો" ના નાદ ગૂંજતા રહ્યા. જવાયું ત્યાં સુધી ચરણથી અનુસર્યાં, દેખાયા ત્યાં સુધી નયનથી અનુસર્યાં અને પછી દેખાતા બંધ થયા ત્યારે મનથી અનુસર્યાં. "શિયાળાના દિવસો છે, ઠંડી કેવી પડે છે? નાના બાળને તો ખૂબ ભૂખ લાગે." એમ એમ વાતો કરીને સંભારે છે. ત્રણ દિવસના સહવાસને આખું ગામ–'પુનઃ સંસ્મૃત્ય સંસ્મૃત્ય, હૃષ્યન્તિ ચ મુહુર્મુહુઃ' । (ફરી સંભારી સંભારી, રાજી રાજી થતાં બધાં.)

## તીવ્ર પ્રજ્ઞાથી ઝડપી શાસ્ત્રાભ્યાસ

ગુરુમહારાજશ્રી નયવિજયજી મહારાજની પુણ્ય સ્નિગ્ધ છાયામાં શ્રી યશોવિજયજી અભ્યાસમાં પરોવાઈ ગયા. ભાવતું'તું ને વૈદ્યે કહ્યું એ રીતે ખૂબ ભણ્યા. જોતજોતામાં પ્રાથમિક પ્રકરણ, કર્મગ્રન્થ, ઉપદેશમાળા તો કરી લીધાં, પણ પછી સંસ્કૃત વ્યાકરણ, અભિધાનકોશ અને કાવ્ય પણ થઈ ગયાં. "તેલબિંદુ જિમ વિસ્તરેજી જલમાંહિ ભલીરીતિ"ની જેમ બુદ્ધિમાં શાસ્ત્રવચનો પ્રસરી જતાં. વિદ્યાના તેજથી ઉભરાતી પ્રજ્ઞાને માટે જ્ઞાનનો કયો પ્રદેશ દુર્ગમ હોઈ શકે? જ્ઞાનની સર્વ શાખા–પ્રશાખામાં તેઓની ઉન્મેષશાલિની પ્રતિભા આ પારથી પેલે પાર ફરી વળતી. જે કાંઈ વાંચે ભણે સાંભળે તે બધું હાથ–આમળું બની રહેતું.

ધારદાર બુદ્ધિના ચમકારાથી ભલભલા અંજાઈ જતા.

## અમદાવાદમાં મોટા આઠ અવધાન

અનુક્રમે વિ. સં. ૧૬૯૯ માં શ્રી જસવિજયજી આદિ શિષ્યો સહિત ગુરુમહારાજ શ્રી નયવિજયજી ગ્રામાનુગ્રામ વિહાર કરતા અને માર્ગમાં અનેક જીવોને પ્રતિબોધ પમાડતાં રાજનગરમાં એટલે જૈનપુરી અમદાવાદ નગરીમાં પધાર્યા. શ્રીયશોવિજયજીની પ્રતિભા અને વિદ્વત્તા જોઈને એકવાર શ્રાવક સંઘને વિચાર આવ્યો કે આપણે ત્યાં આવા બુદ્ધિમાન સાધુ છે તો સકલ શ્રી સંઘ સમક્ષ અવધાનનું આયોજન કરીએ. સકલસંઘમાં અનુમોદના થાય, ખ્યાલ આવે કે આપણા સાધુમાં પણ કેવી અસીમ પ્રજ્ઞા છે. સકલ શ્રી સંઘને આમંત્રણ અપાયું. નક્કી દિવસે ને નક્કી સ્થળે હકડેઠઠ સભા વચ્ચે શ્રી યશોવિજયજીના અવધાન થયા.

આઠ[1] મોટા-અવધાન સંભળીને ભલ ભલા આફરીન પોકારી ગયા.

સભામાં રહેલા પોતાની જાતને બુદ્ધિમાન માનનારા પણ મોંમાં આંગળા નાંખી ગયા. 'વાહ વાહ' ને 'કમાલ'ના

---

૧. આઠ સભાજનોમાં દરેકની આઠ-આઠ વસ્તુઓ કોઈનું ગણિત, કોઈનું કાવ્ય એમ ૬૪ વસ્તુઓને બરાબર યાદ રાખીને અનુક્રમે તે વસ્તુઓના જવાબ કહી દેખાડવા તે.

નાદ ગાજવા લાગ્યા, પ્રશંસા માટે શબ્દો ખૂટી ગયા ને એક જીભ ઓછી પડી. બધા તો 'અદ્ભુત, અદ્ભુત' બોલીને વિરમી ગયા. પણ....

## ઉદારદિલ ધનજી સૂરાની વિનંતિ

એક અખૂટ શાસનપ્રેમી શ્રાવક ઊભા થઈને, પ્રતિભાના તેજથી ઉભરાતા શ્રી યશોવિજયજીની સામે જોઈને તેઓના ગુરુ શ્રી નયવિજયજીને ઉદ્દેશીને, બોલ્યા : "આ તો વિદ્યાનું મહાપાત્ર છે. મને તો આમાં બીજા શ્રી હેમચન્દ્રાચાર્યના દર્શન થાય છે. જો કાશી જાય ને ષટ્ દર્શનના ગ્રન્થ ભણે તો જૈનશાસનની શાન વધારનાર બને. શાસન ઉપર આવતા પડકારને ક્ષણમાં નિરુત્તર કરે તેવું અનેરું હીર ને નૂર આમાં હું દેખું છું."

વાત તો રળિયામણી હતી. સાંભળીને તુર્ત શ્રી નયવિજયજી મહારાજ વદ્યા, "ભાઈ! તમે કહ્યું તે મને ગમ્યું. સારી વાત છે. અમે પણ વિચારીએ છીએ. આ પ્રતિભા-બીજની યોગ્ય માવજત થવી જ જોઈએ. પણ એ કાશીના બ્રાહ્મણ અધ્યાપક પંડિતો ધન વિના વિદ્યાનું દાન ન કરે અને અમે તો અકિંચન રહ્યા!"

વળતો યોગ્ય પ્રત્યુત્તર એ વિનતિ કરનાર પુણ્યશ્લોક શ્રાવક શ્રી ધનજી સૂરાએ આપ્યો : 'આપે એ ચિંતા ન કરવાની હોય. હું તૈયાર છું. બે હજાર દીનાર રજતના ખરચીશું, ને પંડિતને વારંવાર જે વિધિએ દાન–દક્ષિણા

આપવી પડે તે આપીશું. આપ બસ ભણાવો. નિશ્ચિંત મને ભણાવો.' આ સાંભળી બધાના મોમાં સાકર પડી. બધા ખૂબ રાજી થયા.

## ગુરુ સાથે કાશી ભણી પ્રયાણ

આવાં પ્રોત્સાહક વચનોથી પ્રેરિત થઈ શ્રી નયવિજયજી મહારાજે પોતાના હોનહાર શિષ્યને લઈ કાશી તરફ પ્રયાણ કર્યું. ગ્રામાનુગ્રામ વિહરતાં વચ્ચે પડતાં અનેકવિધ કષ્ટને હસતે મોઢે સહેતાં કાશીના પાદરમાં તેઓ આવી પહોંચ્યા. પ્રવેશવેળાએ જ શુભ શકુનો થયાં. ઉત્સાહ–ઉલ્લાસ બેવડાયો.

## ગંગાકિનારે ભગવતી શારદાની સાધના

અગાઉથી જ નિર્ણય હતો કે ભાગીરથી ગંગાના કિનારે મા ભગવતી શારદાને રીઝવીને પછી જ કાશીમાં પ્રવેશ કરવાનો. તે મુજબ પુણ્યસલિલા ગંગાના કિનારે શ્રુતાધિષ્ઠાત્રી સરસ્વતીને પ્રસન્ન કરવા શ્રી યશોવિજયજી પદ્માસનસ્થ થયા. 'भवन्ति भव्येषु हि पक्षपातः' એ ન્યાયે શ્રી શારદાદેવી સદ્યઃ પ્રસન્ન થયાં. વરદાન આપ્યું, 'તમે વાદવિદ્યામાં–ગ્રન્થરચનામાં અજેય વિદ્વાન થશો. તર્ક–કાવ્યમાં તમારી હોડ કરે તેવો કોઈ મળશે નહીં."
બસ હવે શું જોઈએ!

## ભટ્ટાચાર્ય પાસે ન્યાય-દર્શનનો અભ્યાસ

કાશીમાં પ્રવેશ કરી મહાતાર્કિક વિદ્વાનને શોધ્યા. વિદ્યાલયમાં ભટ્ટાચાર્યજી પાસે પાઠ શરૂ થયો. શીઘ્ર વિદ્યા વરવા લાગી. તર્ક જેવા કર્કશ વિષયના ગ્રન્થો સહજ માતૃભાષાની જેમ સુગૃહીત થવા લાગ્યા. અઢી-પોણા ત્રણ વર્ષ જેટલા ટૂંકા ગાળામાં ન્યાયાદિ ષટ્ દર્શનશાસ્ત્રોના પારંગત વિદ્વાન થઈ ગયા. જે અભ્યાસક્રમ તેજસ્વી વિદ્યાર્થીને પણ લાંબો લાગે અને તે ક્રમમાં આવતા છેલ્લા ગ્રન્થ પાસે પહોંચતાં બાર વર્ષ લાગે, તે ગ્રન્થ પાસે તેઓ પોણા ત્રણ વર્ષે જ પહોંચી ગયા. 'તત્ત્વચિંતામણિ' ગ્રન્થ તો સ્વનામવત્ કંઠે થઈ ગયો.

## વાદી સાથે વાદ

ગુરુકૃપાને અચિન્ત્ય જ કહી છે ને ! એવામાં એક દિવસ કાશ્મીર તરફના પ્રદેશથી એક વાદી કાશીમાં આવ્યો. ચોરે-ચૌટે ઊભો રહી ઉદ્‌ઘોષણા કરે છે, વાદ કરવાનું આહ્વાન આપે છે. આમ એક લત્તોથી બીજે લત્તે ફરતાં આજે ત્રીજો દિવસ છે. હજી કોઈએ આ વાદીના પડકારને ઝીલ્યો નથી. અહીં તો ગલીગલીએ પાઠશાળા છે. અનેકાનેક વિદ્યાશાખાનું અધ્યયન થઈ રહ્યું છે. છતાં આ વાદીના આહ્વાનને ઝીલવા કોઈ આગળ આવતું નથી. શ્રી યશોવિજયજી, જે ભટ્ટાચાર્ય પાસે દર્શનશાસ્ત્રનું અધ્યયન કરતા હતા તેઓને લાગ્યું કે કાશીના વિદ્વાનોની પ્રતિષ્ઠાનો પ્રશ્ન

છે. વળી વાદીની વય તેઓથી નાની હતી, એટલે તેમણે પોતાના વિદ્યાર્થી–વર્ગ ઉપર નજર ઠેરવી. મુખ્ય મુખ્ય વિદ્યાર્થીઓ તરફ સૂચક અને સ્નિગ્ધ નજરે જોવા લાગ્યા. કોઈ સ્વીકારવા તૈયાર નથી. પાણી પણ ચઢાવી જોયું. પણ આત્મવિશ્વાસની ખામી, ક્ષોભ, પેલા પંડિતના ફટાટોપ વગેરે કારણથી કોઈ તૈયાર ન થયા. 'મારા ધોળામાં ધૂળ પડી. આટલી મહેનતે તમને ભણાવ્યા તેના પર પાણી ફર્યું' દશેરાના દિવસે ઘોડો ન દોડે તેને શું કહેવાય ?' આવી વ્યથા–વાણીના નિરાશ વાતાવરણમાં શ્રી યશોવિજયજીએ હામ ભીડી. પહેલ કરીને સવિનય જણાવ્યું : 'જો આપની ઈચ્છા હોય તો હું તે વાદી સાથે વાદ કરવા તૈયાર છું' વચન સાંભળી પંડિતને ખુશી ઉપજી. ચાલો, એક વિદ્યાર્થી તો પાણીદાર નીકળ્યો. વળી પંડિતજીને પણ શ્રી યશોવિજયજીની વિદ્યા પર વિશ્વાસ હતો. સર્વત્ર જય ને વિજયને વરે તેવી વિદ્યા તેમને વરી છે.

## વાદસભા

બસ પછી તો આહ્‌વાન ઝીલાયું. સ્થળ સમય નક્કી થયાં. મેદની તો હકડેઠઠ ભરાણી છે. વિશાળ મંડપ પણ નાનો પડયો છે. તલપૂર પણ જગ્યા નથી. કૌતુક–કુતૂહલથી કાંઈ કેટલાંય વૃદ્ધ, જુવાન પંડિત–વિદ્યાર્થીઓ આવ્યા છે. વાદી પણ અનેક ગ્રન્થ–પોથી પુસ્તકના સરંજામ સાથે આવી ગયા છે. એક તરફ શ્રી યશોવિજયજી, બીજી તરફ વાદી છે. વચ્ચે નિર્ણાયક પંડિતમંડલી વિરાજી છે. ફરતે

ચોફેર પ્રેક્ષક–શ્રોતાગણ ગોઠવાયો છે. પહેલી જ વાર આ રીતે એક જૈન સાધુ અને એક બ્રાહ્મણ વિદ્વાનનો દર્શન-શાસ્ત્રના વિષયે વાદ થતો હતો. **'वादे वादे जायते तत्त्वबोधः'** આ તે યુગનું સૂત્ર હતું.

## વાદમાં વિજય

વાદનો પ્રારંભ થયો. વાદીએ પૂર્વપક્ષ સ્થાપન કરવાનું સ્વીકાર્યું. તારસ્વરે પોતાની માન્યતા રજૂ કરી. સાંજ ઢળવા આવી હતી, છતાં હવે આ પૂર્વપક્ષનો ઉત્તરપક્ષ કેવી રીતે રજૂ થાય છે તે સાંભળવા સર્વ ઉત્સુક અને ઉત્કર્ણ હતા. શ્રી યશોવિજયજી આમે અવધાનકાર તો હતા જ. યુવાનીનો તરવરાટ, સામે પડેલા પડકારને ઝીલવાની ખુમારી, ભગવતી શારદાનો પ્રસન્ન વરદ કર માથે અને ગુરુવરનું હૂંફાળું છત્ર સાથે. બાકી શું રહે ? અસ્ખલિત વાગ્ધારા વહેવી શરૂ થઈ. વાદી તો ઊંચા પહાડ ઉપરથી પડતાં ભાગીરથીના પ્રચંડ ધોધના જેવા શબ્દાડમ્બરવાળા વાક્-પ્રવાહથી સ્તબ્ધને હતપ્રભ થઈ ગયો. શ્રી યશોવિજયજીએ પૂર્વપક્ષના ઉત્તરો આપી નવો પૂર્વપક્ષ સ્થાપી દીધો. સૂર્ય ડૂબી ગયો. વાત આવતી કાલ ઉપર ગઈ. બીજા દિવસે નિયત સમયે સમયથી પણ વ્હેલાં વ્હેલાં સેંકડોની સંખ્યામાં શ્રોતાજન ઉપસ્થિત થઈ ગયાં. નિર્ણાયક પંડિત પ્રવરો પણ આવી ગયા. શ્રી યશોવિજયજી વગેરે મુનિ-વર્ગ પણ હાજર થઈ ગયો. પણ 'વાદી ક્યાં છે ? કેમ

વાદી દેખાતો નથી ? તપાસ કરો.' લાંબી તપાસના અંતે પત્તો મળ્યો. વાદીને હાજર થવું પડ્યું. ગઈકાલે સ્થાપના કરેલા પૂર્વપક્ષનો ઉત્તર ન આપી શકયા. લાચાર થઈને કહેવું પડ્યું : આ જૈન મુનિ જીત્યા, હું હાર્યો.

## વાદમાં વિજય અને બે પદવીની પ્રાપ્તિ.

આ સામાન્ય પ્રસંગ નહતો, કાશીના પંડિતો આજે દિંગૂ થઈ ગયા. પહેલી વાર તેઓને પરિચય થયો જૈન મુનિની વિદ્વત્તાનો. ઝુમી ઉઠેલા વિદ્યાપ્રિય પંડિતોએ પ્રસ્તાવ રજૂ કર્યો. આ જૈન મુનિને 'ન્યાયાચાર્ય' અને 'ન્યાયવિશારદ' એવા બિરૂદ આપીને બિરદાવીએ. આ વાત બધાંએ એકી અવાજે આવકારી. પદવી એનાયત થઈ. આ ઈલ્કાબની પ્રતિષ્ઠા ઊંચી હતી. અજૈન વિદ્વાનોએ આપેલાં બિરુદ હતાં. જૈન આલમે આ ઘટનાથી ગૌરવ અનુભવ્યું. જય જયકાર વર્તાઈ ગયો.

વાદસ્થળથી સીધાં જ તેઓ સર્વ શ્રીપાર્શ્વનાથ ભગવાનનાં દર્શન–વંદને ગયા. ખૂબજ કૃતજ્ઞતા નીતરતા, ભાવભીના શબ્દોથી સ્તુતિ કરી. શ્રી સંઘે પણ વાજિંત્ર વગાડીને હરખ કર્યો.

## ભટ્ટાચાર્યની પ્રસન્નતા

વળતે દિવસે પાઠશાળા ગયા. ત્યારે ભટ્ટાચાર્યે કહ્યું: "હવે તમારે ભણવાનું કશું જ શેષ નથી. ગઈ કાલે મેં

જે પ્રતિભાના દર્શન કર્યાં તેથી હું અંજાઈ ગયો છું. હવે તો તમે ભણાવો, ગ્રન્થો રચી વિદ્યાને અમર કરો તો આ વિદ્યા અનેકાનેક રૂપે વિકસે, ફળે અને વિનિયોગ પામીને પરંપરાની ગંગોત્રી બને.” આવા શુભ આશીર્વાદ સાથે તેઓ ત્રણ વર્ષનો કાશીવાસ પૂર્ણ કરી પ્રયાણ કરતાં-કરતાં આગ્રા પધાર્યા. અહીં પણ એમણે ચાર વર્ષ સુધી રહીને કર્કશ એવા તર્ક સિદ્ધાંત પ્રમાણનો, મીમાંસા વગેરે ષટ્દર્શનનો વિશદ અભ્યાસ ન્યાયાચાર્ય પાસે કર્યો.

## સંઘે કરેલું બહુમાન

તેઓની વિદ્વત્તાથી આકર્ષાઈ આગ્રાના ભક્તિવંત શ્રીસંઘે તેઓની આગળ આગ્રહ પૂર્વક સાતસો રૂપિયા ભેટ ધર્યા. તેના પુસ્તકો લખાવી, પાટલીઓ આદિ બનાવી છાત્રોને વહેંચી આપ્યા.

## ગુજરાતમાં ઉપાધ્યાયજીને જોવાની ઝંખના

આ તરફ ગુજરાતમાં શ્રીસંઘ, સાધુ-સમુદાય સહુ કર્ણોપકર્ણ આ બધા સમાચાર સાંભળે ત્યારે મનોમન કલ્પનામૂર્તિ રચે અને તેઓને જોવા મન ઉત્સુક થઈ જાય. સાત વર્ષનો ગાળો બહુ લાંબો વીતી ગયો. તેમાં પણ જ્યારે મોટી સભામાં નામાંકિત વાદીની સામે વિજયની વરમાળ વર્યા એ શુભ અને રોમાંચક સમાચાર જાણ્યા પછી તો બધા તેમને જોવા-મળવા એક પગે થઈ રહ્યા. જતાં-આવતાંની સાથે કહેણ પણ મોકલાવતાં રહ્યાં, કે હવે પધારો ગુજરાતમાં અને દર્શન આપો.

ગુરુમહારાજશ્રી નયવિજયજી મહારાજે પણ એવો નિર્ણય કર્યો. અને આગ્રાથી વિહાર કરતાં કરતાં ગુજરાત પધારી ગયા.

## સસ્વાગત રાજનગરમાં પધરામણી

માર્ગમાં પણ અનેક ગામ–નગરમાં અનેક પંડિતો સાથે જ્ઞાનગોષ્ઠી શાસ્ત્રાર્થ–વાદવિજય કરતાં, સુવાસ ફેલાવતાં પધાર્યા. સર્વ પ્રથમ રાજનગર (અમદાવાદ)માં જ પધાર્યા. નાગોરી સરાહમાં મુકામ કર્યો. (આ સ્થળ શહેરના હૃદય સમા મધ્ય વિસ્તાર રતનપોળની પાસે આવ્યું છે. અત્યારે પણ ત્યાં ઉપાશ્રય છે.) શ્રી સંઘે દોર–દોર આજે આનંદ મંગલ વરતાવ્યા છે. યશોવિજયજીને જોવા અને સત્કારવા જાતજાતના અને ભાતભાતના લોકો ઉમટયા છે. પંડિતોના સમુદાયમાં પણ તેઓ ઘણું આદરમાન પામ્યા.

## રાજસભામાં અઢાર અવધાન

આ વખતે અમદાવાદમાં મહોબતખાન નામનો સૂબો રાજ્ય કરતો હતો. તેની રાજસભામાં શ્રી યશોવિજયજીના ધર્મશાસ્ત્રોના અથાગ જ્ઞાનની અને અત્યન્ત બુદ્ધિવૈભવની પ્રશંસા થઈ. આ સાંભળીને મહોબતખાનને પણ આવા બુદ્ધિશાળી સાધુને જોવાનું અને તેમનો બુદ્ધિ વૈભવ સાક્ષાત્ નજરે જોવાનું મન થયું. તેથી પોતાનો અભિપ્રાય રાજસભામાં બેસનારા અગ્રગણ્ય શ્રાવકો સમક્ષ જણાવતાં તેઓએ સભામાં પધારવાની શ્રી યશોવિજયજી મહારાજને

વિનતિ કરી. આથી ગુરુમહારાજે પણ રાજસભામાં જવાની આજ્ઞા આપી. વિદ્યાતેજથી દીપતાં શ્રી યશોવિજયજીએ ગુરુમહારાજ વગેરે વિશાળ સાધુ સમુદાય તથા અગ્રગણ્ય શ્રાવકના સમુદાય સહિત રાજસભામાં જઈને સર્વ સભાજનો સમક્ષ અઢાર અવધાન કર્યા. સાંભળનારા બધા અવાક્ થઈ ગયા. તાજુબીનું એક મોજું સર્વત્ર ફરી વળ્યું. મહોબતખાન પણ બહુ જ રાજી થયા. તેઓશ્રીની બુદ્ધિના વખાણ કર્યાં, અને મહા-આડંબરથી વાજતે ગાજતે સ્વસ્થાને પહોંચાડયા.

## ઉપાધ્યાય પદાર્પણ

આ બધું જોઈ–સાંભળીને આશ્ચર્યમગ્ન સકળ શ્રી સંઘે વર્તમાન તપાગચ્છ નેતા આચાર્ય શ્રી વિજયદેવ-સૂરીશ્વરજી મહારાજને વિનંતિ કરી કે પંડિત શ્રી યશોવિજયજીને ઉપાધ્યાય પદે સ્થાપન કરો. તેઓ બહુશ્રુત છે. બહુ યોગ્ય છે. એ વખતે તેઓશ્રીને વીસ સ્થાનક તપની આરાધના ચાલતી હતી. આ બાજુ એ તપ પરિ-પૂર્ણ થયું અને વિ. સં. ૧૭૧૮માં પૂજ્ય આચાર્ય મહા-રાજશ્રી વિજય પ્રભસૂરીશ્વરજીના વરદ હસ્તે ઉપાધ્યાય પદનો અભિષેક થયો. અને બસ એ દિવસથી સકળ શ્રી સંઘના માનીતા 'ઉપાધ્યાયજી' બની રહ્યા.

## ઉપાધ્યાયજીની અપ્રતિમ જ્ઞાન સાધના

ઉપાધ્યાય અનેક પણ ઉપાધ્યાયજી તો એક. આ પદ પર્યાય બની રહ્યું. કારણકે આ સાર્થક શબ્દ–સાકાર

શબ્દ—અરે, ઉપાધ્યાય શબ્દ જ સદેહે અવતર્યો હોય તેમ લાગતું. ચમકારા મારતી મેધા, અકુતોભય, સર્વત્ર ગતિ કરતી સૂક્ષ્મ પ્રજ્ઞા, અને ભલભલા વિદ્યાવિશારદને નિરુત્તર કરતી પ્રત્યુત્પન્ન બુદ્ધિ જોઈને લોકો બોલતાં: "આ તો સાક્ષાત્ મૂછાળી સરસ્વતી જ છે." મઘમઘતાં મધુ ભરેલા પુષ્પોની ચારે તરફ મધુકરોનું ગુંજન જેમ ચાલુ જ હોય, એ ગુંજારવ અવિરામ ચાલે, તેમ અહીં અનેકવિધ વિદ્યાના ગ્રન્થોનું પઠન—પાઠન—સર્જન—સંશોધન ચાલુ જ હોય. પંડિત જયસોમ વગેરે મુનિવરો બહુ જ વિનયથી તેઓની છાયામાં બેસીને જ્ઞાનરસ પિપાસાને સંતોષતા. આશ્ચર્ય તો એવું થતું કે જેમ—જેમ તેઓ પાસે અધ્યયન આગળ વધે તેમ—તેમ નવી નવી જિજ્ઞાસા પણ પાંગરતી જ જાય અને છેવટે એ તૃપ્તિ પણ ત્યાં જ પામે.

## શ્રી સિંહસૂરિજી મહારાજનો મહાન ઉપકાર

તપાગચ્છગગને સહસ્રરશ્મિ સમા આચાર્ય મહારાજ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજે પોતાની પાટે જે મહાપુરુષને સ્થાપ્યા હતા તે આચાર્ય શ્રી વિજયસિંહસૂરીશ્વરજી મહારાજે ઉપાધ્યાયજી મહારાજ ઉપર અનુગ્રહ કરીને તેમની વિચારસરણીને અને વિદ્વત્તાને એક નવો જ ઘાટ આપ્યો. વળાંક આપ્યો. કહો કે અન્તર્મુખ થવાનો ઇશારો આપ્યો. જ્ઞાનયોગ સિદ્ધ કરવાની પ્રેરણા

આપી. અને આધ્યાત્મિક સંસ્પર્શવાળી વિદ્વત્તા જ સ્વપર ઉભયને ઉપકારક નીવડી શકે આવું જ કાંઈક અજવાળું તેમને ત્યાં લાધ્યું હશે. અને એવાં હિતકારી અને મધુર વચનો સાંભળીને મધરાતના ઘટાટોપ વાદળને ચીરીને ઓચિંતાની જાણે ચાંદની રેલાવા માંડે તેમ તે દિવસે શ્રી યશોવિજયજીના હૃદયનો ખૂણે ખૂણો શાન્ત-સ્નિગ્ધ-મૃદુ પ્રકાશે ઝળહળી ઊઠયો. તે પછી ગુજરાતી પદ્યરચનાની બ્રહ્મપુત્રા કલ્લોલિની વહેવા લાગી.

"શીતળ પરમાનંદિની, શુચિ વિમલસ્વરૂપા સાચી રે;
જેહની રચના ચન્દ્રિકા, રસિયા જન સેવે રાચી રે."

આ વિશેષણોને સાર્થક ઠરાવતું ગુજરાતી પદ્ય સાહિત્ય આપણને મળ્યું.

## ઉપકારી પ્રત્યે મહાન કૃતજ્ઞતા

અને આ પ્રકારનો આવો ઉપકાર કૃતજ્ઞતાપૂર્વક તેઓએ જ વારંવાર ગ્રન્થાન્તે પ્રશસ્તિમાં સંભાર્યો છે.

"જાસ હિતશીખથી માર્ગ એ અનુસર્યો
જેહથી સવિ ટળી કુમતિ ચોરી,......

"તાસ પાટે વિજયસિંહસૂરીસરુ સકલ સૂરિમાં લીહો,
તે ગુરુના ઉત્તમ ઉદ્યમથી ગીતાર્થતા ગુણ વાધ્યો.

તસ હિતશીખતણે અનુસારે જ્ઞાનયોગ એ સાધ્યો.
જસ ઉદ્યમ ઉત્તમમાર્ગનો ભલે ભાવથી લહીયે
જસ મહિમા મહીમાંહી વિદિતો તસ ગુણ કેમ ન ગહીયે.”
અને છેલ્લે તો તેઓશ્રીના જીવનને વર્ણવતું મહાકાવ્ય રચવાનો સંકલ્પ કર્યો અને **विजयोल्लास** નામે મહાકાવ્ય શરુ પણ કર્યું. પણ તે બીજા સર્ગના પાંસઠમા શ્લોક સુધી જ રચાયું. પછી દૈવયોગે તે અધૂરુ રહ્યું.

આ હિતશીખ આપીને જ વિ. સં. ૧૭૦૯ અષાઢ સુદ બીજના આચાર્યપ્રવર શ્રી સિંહસૂરિજી મહારાજ અમદાવાદમાં જ સ્વર્ગે પધાર્યા.

## શ્રી આનંદઘનજીની સાથે

સ્વનામધન્ય પુણ્યશ્લોક શ્રી આનન્દઘનજી મહારાજ સાથેના સમાગમથી પણ તેઓનું જીવન અધ્યાત્મના રંગે રંગાયું. કવિત્વ, પ્રતિભા, અજોડ વિદ્વત્તા, આ બધું તો હતું પણ તે બધાને સાર્થક બનાવે તેવો અન્તર્મુખતાનો રંગ આનંદઘનજી મહારાજના સમાગમથી આવ્યો. પોતે જ આ વાત મુક્ત મને ગાઇ છે.

આનંદઘનકે સંગ સુજસહી મિલે જબ
તબ આનંદસમ ભયો સુજસ.

સમકાલીનો સાથે સમરસ થવાનું સૌભાગ્ય તેમને વર્યું હતું.

## ઉપાધ્યાયજીની ઉજ્જવળ ગુરુ પરંપરા

ઉપાધ્યાયજી મહારાજનું નવા ગ્રન્થો રચવાનું કાર્ય તો ચાલુ જ હતું. એઓના રચેલા ગ્રન્થોની કોપી તેઓશ્રીના ગુરુ મહારાજ શ્રી નયવિજયજી મહારાજ જાતે કરે! વિ. સં. ૧૭૧૧માં સિદ્ધપુરમાં ચોમાસામાં જ્ઞાનસાર, દ્રવ્ય ગુણપર્યાયનો રાસ વગેરે ગ્રન્થોની રચના થઈ. આ ગ્રન્થોની પહેલી શુદ્ધ સ્વચ્છ નકલ શ્રી નયવિજયજી મહારાજે કરેલી છે. પરસ્પર કાર્યમાં પૂરો સહયોગ. વિદ્યોપાસના તો ગુરુ પરંપરામાં જ મળેલી. તેઓના દાદાગુરુ શ્રી લાભવિજયજી મહારાજ હેમવ્યાકરણના અઠંગ અભ્યાસી કહેવાતાં. તેમના ગુરુ ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયજી નામાંકિત શાસ્ત્રસંશોધક હતા. આમ વિદ્યા વારસામાં મળેલી. પછી સ્વબળે પાંગરી. શતમુખ વિસ્તરી.

## માત્ર ૧૫ દિવસમાં ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ ગ્રન્થ લેખન

ઉપાધ્યાયજીને શ્રુતસંરક્ષણનો પણ એટલો જ રસ. વિ. સં. ૧૭૧૦. પોષ મહિનો. શિયાળાના દિવસો. ત્યારે પાટણમાં સ્થિરતા. ઘણી શોધખોળના અંતે જાણવા મળ્યું કે મલ્લવાદીજી રચિત 'નયચક્ર' એક વિદ્વાનને ત્યાં છે. યુક્તિ પ્રયુક્તિ કરીને એ ગ્રંથ પંદર દિવસ માટે મેળવ્યો. જોયો, આ તો મલ્લવાદીજીનું મૂળ 'નયચક્ર' નહિ પણ તેના એક

જ શ્લોક ઉપર શ્રી સિંહવાદિગણી ક્ષમાશ્રમણે રચેલી ટીકા હતી. એ જોઈને પણ એમને ખૂબ જ આનંદ થયો. લખવાનું કામ શરૂ કર્યું. તેઓશ્રીના ગુરૂમહારાજ શ્રી નયવિજયજી મહારાજ, શ્રી જયસોમ પંડિત, શ્રી લાભ-વિજયજી મહારાજ, શ્રી કીર્તિરત્ન ગણી, શ્રી તત્વવિજયજી, શ્રી રવિવિજય પંડિત અને ખુદ શ્રી યશોવિજયજી મહારાજ એમ સાત મુનિવરોએ મળીને ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ આ મહાકાય શાસ્ત્રની માત્ર પંદર દિવસમાં જ નકલ તૈયાર કરી, પોષ વદિ તેરસે પૂર્ણ કરી. આ પ્રતિના ૩૦૯ પાના છે તેમાંથી ૭૩ પાનાં એટલે કે ૪૮૦૦ શ્લોક તો ઉપાધ્યાયજીએ પોતે લખ્યા છે. આ તેઓની લેખનકળા વિષયક સિદ્ધહસ્તતાનો અપૂર્વ નમૂનો છે. આપણા સહુના સદ્ભાગ્યે અમદાવાદ-દેવશાના પાડામાંના હસ્તલિખિત ભંડારમાંથી એ પ્રતિ મળી આવી. અત્યારે આ પ્રત એલ. ડી. માં છે. કર્તાએ રચેલા અને જાતે લખેલા જે ગ્રન્થો મળે છે તેમાં સૌથી વધુ ગ્રન્થો પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજે રચેલા ને લખેલા મળે છે.

## અન્યકર્તૃક ગ્રન્થ સંશોધન

આમ નિરંતર શ્રુતસેવા પ્રવર્ત્તતી રહી. ઉપા. શ્રી માનવિજયજી રચિત ધર્મસંગ્રહ જેવા ગ્રન્થોથી લઈ ઠેઠ શ્રી વૃદ્ધિવિજયજી વિરચિત ઉપદેશમાળા બાલાવબોધ જેવા ગ્રન્થોનું શોધન તેઓએ કરી આપ્યું છે તો પોતાના

રચેલા ધર્મપરીક્ષા ગ્રન્થમાં ઉપા. વિનયવિજયજીના સહયોગનો પ્રશસ્તિમાં સહર્ષ ઉલ્લેખ કર્યો છે.

## શ્રીપાળ રાસને પૂર્ણ કરવા સ્વીકારેલી જવાબદારી

એવા મીઠાં સંબંધના કારણેજ વિ. સં. ૧૭૩૮ વર્ષના અંતિમ ચોમાસામાં રાંદેરના શ્રી સંઘે ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીને શ્રીપાળ રાજાનો રાસ રચવાની આગ્રહભરી વિનંતી કરી ત્યારે પોતાની કથળતી તબિયતના કારણે તેમને હવે દેહનો ભરોસો ન હતો. આદરેલો રાસ અધૂરો મૂકવો પડે તે માટે તેમનું મન માનતું ન હતું. પોતાની એક પણ રચના આજ દિન સુધી અધૂરી નથી રહી તેનું ગૌરવ અનુભવતાં. આથી શ્રી સંઘની આ વિનંતિનો તેઓ સ્વીકાર કરતા ન હતા. જ્યારે સકલ શ્રી સંઘનો એકી અવાજે આગ્રહ થયો, ત્યારે તેઓએ એવું કહ્યું કે "જો ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ અધૂરા રહેલા રાસને પરિપૂર્ણ કરવાનું વચન આપે તો હું રાસની શરૂઆત કરૂં." અને બધાના આશ્ચર્ય વચ્ચે ઉપાધ્યાયજીએ એ માન્ય રાખ્યું. વચન આપ્યું કે "જ્યાંથી રાસ અપૂર્ણ રહેશે ત્યાંથી પૂર્ણ કરી આપીશ". આ વચનથી પ્રસન્ન થયેલા શ્રી વિનયવિજયજી મહારાજે રાસની રચના શરૂ કરી ને જોતજોતામાં બે ખંડ વળોટીને ત્રીજા ખંડમાં પ્રવેશ કરી દીધો. સાડા સાતસો

ગાથા વિરચીને "તટ તટ ત્રુટે તાંત, ગમા જાયે ખસી, તે દેખીને સભા સઘળી હસી." બસ આ પંક્તિ એ છેલ્લી પંક્તિ બની રહી. એઓના આયુષ્યની તાંત તટતટ તૂટી ગઈ. ઉપાધ્યાયજીએ એ રચના પરિપૂર્ણ કરી. અને બે કર્તાના નામે અમર થયેલી એક રચના, બન્ને ઉપાધ્યાય જીના ચિરંતન સ્નેહની પ્રતિક બનીને શ્રી સંઘમાં ચિરાયુ બની રહી. ઉપાધ્યાયજી મહારાજનું અધ્યાત્મ વિષયક ઉત્તમ પકવ ચિંતન આમાં રજૂ થયું છે. ચોથો ખંડ એ આર્ષ-વાણી જેવો ટંકશાળી છે.

## સુરતમાં શ્રાવક રૂપચંદને ૧૧ અંગ સંભળાવ્યા

વિ. સં. ૧૭૪૨(અથવા ૧૭૨૨)નું ચોમાસુ સુરત–ગોપી પુરામાં–હાલ જ્યાં દેસાઈપોળની પેઢીનું મકાન છે ત્યાં અસલ વિજય દેવસૂર ગચ્છનો ઉપાશ્રય હતો. ત્યાં ચોમાસુ કર્યું ચોમાસામાં શ્રેષ્ઠિવર્ય મંગળચંદના સુપુત્ર રૂપચંદભાઈએ ઉપાધ્યાયજીના મુખે અગીયાર અંગ સંપૂર્ણ સાંભળ્યા. ઉપાધ્યાયજીએ એ અગીયાર અંગની અગ્યાર સજ્ઝાય બનાવી. તેમાં છેલ્લે આનો ઉલ્લેખ કર્યો છે.

પ્રવૃત્તિમાં શ્રુતોપાસના. દિવસ રાત આ એકજ રટણા. શ્વાસ પ્રાણમાં જ્ઞાનયોગની સાધના અને વૃત્તિમાં પૂર્ણ નિર્દંભતા.

જીવનની કિતાબ ચોખ્ખી–ખુલ્લી–આશ્ચર્ય થાય તેટલી ખુલ્લી.

ગર્વોક્તિ પણ રચી.

**सिताम्बरशिरोमणि विदितचारुचिन्तामणिः,**

અને *સાધક બન્યા પછી **अस्माद्दशानां प्रमादग्रस्तानाम्** એવું પણ લખ્યુ. વેદના થઈ તો "અબ મોહે એસી આય બની" ગાયું. અને આનંદ થયો તો

એમ ગાઈ ઊઠયા.

"આનંદ કી ઘડી આઈ સખિરી આજ
આનંદ કી ઘડી આઈ."

એમ ગાઈ ઊઠયા.

નીતર્યાં નીર જેવી નિખાલસતા તેઓની ચારિત્ર–સચ્ચાઈની ગવાહી પૂરે છે.

## ડભોઈમાં સમાધિ પૂર્વક સ્વર્ગવાસ

વિ. સં. ૧૭૪૩ની સાલ. ડભોઈ ગામની પુણ્ય ભૂમિ પર ઉપાધ્યાયજી મહારાજનું ચોમાસુ. આ છેલ્લા ચોમાસામાં સાથે નવ શિષ્યો હતા. પંચાવન વર્ષ જેવા દીર્ઘ સંયમપર્યાયને પાળીને છેલ્લે–છેલ્લે અણસણનો સ્વીકાર કર્યો. ખૂબજ સમાધિપૂર્વક સુરપદવી પામ્યા.

---

*એક વિચારકનું વાકય યાદ આવે છે :
**ज्ञान हो और गर्व न हो यह असंभव है और साधक हो और गर्व हो यह भी असंभव है ।**

## અગ્નિસંસ્કાર સ્થળે પાદુકા સ્થાપન

અગ્નિસંસ્કારના સ્થળે ડભોઇના શ્રી સંઘે દેરી બનાવી પાદુકા પધરાવ્યા. અણુએ અણુ જેનું દાર્શનિક વિદ્વત્તાથી ભર્યું હોય, જેનું અસ્તિત્વ જ વિદ્યાને સંપૂર્ણ સમર્પિત હોય તેવા પુણ્યપુરુષના આ સ્મારક સ્થળે દેરીની પ્રતિષ્ઠા દિવસ-મૌન એકાદશીએ ન્યાયનો ધ્વનિ સંભળાય તે આશ્ચર્ય નથી, અહોભાવ છે.

ધન્ય છે ઉપાધ્યાયજીને !

કાળનો કાટ ન લાગે અને યુગે યુગે જેના મહાન મૂલ્યાંકનો થતા રહે છે તે ઉપાધ્યાયજીને લાખ લાખ વન્દન......

(મુખ્ય આધાર : સુજસવેલી.
કર્તા : શ્રી કાન્તિવિજયજી મહારાજ.)

*

# પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજની ગુરુ પરંપરા

જગદ્‌ગુરૂ શ્રી હીરસૂરિજીમહારાજ (૧૫૮૩-૧૬૫૨)

|

ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયજી મહારાજ

|

પંડિત શ્રી લાભ વિજયજી મહારાજ (૧૬૬૦)

પંડિત શ્રી જીત વિજયજી મહારાજ

ના ગુરુ ભાઈ

પંડિત શ્રી નય વિજયજી મહારાજ

|

ના શિષ્યો (૧૬૪૦-૧૭૧૦)

|

શ્રી પદ્મ વિજયજી ગણી—ઉપા. શ્રી યશોવિજયજી ગણી

# પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજની શિષ્ય પરંપરા

શ્રી હેમવિજયજી
શ્રી જિનવિજયજી
પં. ગુણવિજયજી—
પં. કેશર વિજયજી તથા શ્રી સુમતિ વિજયજી
|  |
શ્રી વિનીત વિજયજી શ્રી ઉતમ વિજયજી
| તથા
શ્રી દેવ વિજયજી ગણી. શ્રી પ્રતાપ વિજયજી

શ્રી દયાવિજયજી
શ્રી મયાવિજયજી
શ્રી માનવિજયજી ગણી (વિ. સં. ૧૭૪૫)
શ્રી મણિ વિજયજી
શ્રી માણેક વિજયજી
શ્રી તત્ત્વ વિજયજી
શ્રી લક્ષ્મી વિજયજી
(તત્ત્વવિજયજીનાભાઈ)

# શ્રી યશોવિજયજી ગણિવરની ગુણાનુવાદ-સ્તુતિ

(સવૈયા છંદ)

શ્રી જિનશાસનના જ્યોતિર્ધર,
પ્રબલ પ્રતાપી, પુણ્યાત્મા,
ન્યાયવિશારદ ન્યાયાચાર્ય વળી જે, સંયમશુદ્ધાત્મા,
અગણિત ગ્રન્થરચીને જેણે, કીધો મહાશાસન-ઉપકાર,
વાચકવર એ જસ-ગુરુ-ચરણે,
વન્દન હો અમ વાર હજાર ॥૧॥

(૨)

ગુર્જરદેશે ગામ 'કનોડુ', કર્યું પાવન નિજ જન્મ થકી,
સોહાગદે જસમાત તાત નામે નારાયણ જાસ વળી,
નામ હતું જશવન્ત તથા જસ બંધવ પદ્મસિંહ સુખકાર,
વાચકવર એ જસ-ગુરુ-ચરણે,
વન્દન હો અમ વાર હજાર ॥૨॥

(૩)

પૂર્વજન્મના શુભ સંસ્કારે, બાલ્ય થકી જે વૈરાગી,
પંડિત નય ગુરુવર-ઉપદેશે, સંયમ લેવા લય લાગી,
છંડી સવિ જંજાળ જગતની,
શિશુવયમાં જે થયા અણગાર,

વાચકવર એ જસ-ગુરુ-ચરણે,
વન્દન હો અમ વાર હજાર ॥૩॥

કાશી જઈ નિજ ગુરુવરની સાથે,
નદી ગંગાને તીર રહ્યા.
જાપ કર્યો ૐકાર મંત્રનો, તુઠી શારદ દેવી તહીં,
લહી વરદાન બન્યા જે જગમાં,
મહાપંડિત ને કવિ શિરદાર,
વાચકવર એ જસ-ગુરુ-ચરણે,
વન્દન હો અમ વાર હજાર ॥૪॥

(૫)

કાશીમાં ત્રણ વર્ષ રહ્યાને, ચાર વર્ષ આગ્રામાં વાસ,
ભટ્ટાચાર્ય કને ન્યાયાદિ, દર્શનનો કીધો અભ્યાસ,
ચિન્તામણિ-મહાગ્રન્થ તો જેની,
જીભે રમતો સાંજ-સવાર,
વાચકવર એ જસ-ગુરુ-ચરણે,
વન્દન હો અમ વાર હજાર ॥૫॥

(૬)

ન્યાયાદિ ષટ્દર્શન સઘળાં, ગ્રન્થોનો કીધો અભ્યાસ,
આગમ-તત્ત્વામૃતના પાને, પ્રગટ્યો અનુભવજ્ઞાન ઉજાસ,
ઉત્કટ ત્યાગ અને વૈરાગ્યે, ધન્ય કર્યો જેણે અવતાર,
વાચકવર એ જસ-ગુરુ-ચરણે,
વન્દન હો અમ વાર હજાર ॥૬॥

(૭)

હોય ભલે સંસ્કૃત કે પ્રાકૃત, ગદ્ય, પદ્ય કે ગુજરાતી,
સર સર કરતી વહેતી વાણી,
જસ જાણે કો બૃહસપતિ !
શતસંખ્યક વિધ વિધ વિષયોના,
વિરચ્યા ગ્રન્થો અતિ મનોહાર,
વાચકવર એ જસ-ગુરુ-ચરણે,
વન્દન હો અમ વાર હજાર ॥૭॥

(૮)

**દર્ભાવતીનગરીમાં** જેણે, ગણતાં મંત્ર મહા નવકાર,
છેલ્લો શ્વાસ મૂકયો ને પામ્યા,
સુરરમણીનો શુભ સત્કાર,
ત્રયશત વર્ષ થયા પણ જેઓ,
વિસરે નહિ પળ માત્ર લગાર,
વાચકવર એ જસ-ગુરુ-ચરણે,
વન્દન હો અમ વાર હજાર ॥૮॥

## પ્રશસ્તિ

(૯)

શાસનના સમ્રાટ સૂરીશ્વર-નેમિ
થયા તપગચ્છપતિ,

તસ પાટે કવિરત્ન થયા, વિજયામૃતસૂરિ સૂક્ષ્મમતિ
સૌમ્યમૂર્તિ તસ પાટે સોહે દેવસૂરિ મહા બડભાગી,
હેમચન્દ્રસૂરિ શિષ્યે તસ રચ્યું,
આ અષ્ટક સોભાગી ॥૯॥

(૧૦)

અક્ષિ વેદ ગગનાક્ષિ (૨૦૪૨) વર્ષે,
આસો વદ એકમને દિન,
શનિવારે ચિન્તામણિ પાર્શ્વપ્રભુ,
સાનિધ્યે થઈ તલ્લીન,
પાર્લા પૂર્વ વિષે ચોમાસું રહીને,
નિજ ગુરુ શીતલ છાંય,
પં. પ્રદ્યુમ્નવિજય ગણિ વિનતિ,
સ્વીકારી અષ્ટક વિરચાય ॥૧૦॥

વિજયદેવસૂરિ ચરણરેણુ
વિજયહેમચન્દ્રસૂરિ

★

# ત્રિશતાબ્દી વર્ષના અવસરે
# યશોવન્દના

(મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું એ રાગ....)

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી જિનવર શાસનનાં શણગાર
ધૈર્યક્ષમાને ગંભીરતાદિ અનેક ગુણગણના ભંડાર
જ્ઞાનયોગને સિદ્ધ કરીને ખૂબ બઢાવી શાસન શાન
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન...૧

ધન્ય કનોડા ધન સોભાગદે ધન નારાયણ ધર્મ શૂરા
ધન સુહગુરુ શ્રીનયવિજયજી ધન ધન એ ધનજી શૂરા
ધન સિંહસૂરિજી જેણે હિત શિક્ષાનાં દીધાં દાન
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન....૨

ભર ચોમાસે મૂસળધારે વરસે પાણી દિવસ ને રાત
'ભક્તામર'ની શ્રવણપ્રતિજ્ઞા કારણ ત્રણ ઉપવાસી માત
સાત વરસના આપે ત્યારે સંભળાવ્યું એ સ્તોત્ર મહાન
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન....૩

કાશીતલ વહેતી ગંગાના કાંઠે નિશ્ચલ ધ્યાન ધરી
ભગવતી દેવી સરસ્વતીને રીઝવીને વરદાન વરી
ગુરુવર ચરણપસાયે સ્હેજે લાધ્યું આતમ અનુભવ જ્ઞાન
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન....૪

વિક્રમસંવત સત્તર દશમાં પોષમાસે પાટણમાં
ગુરુવર શ્રીનયવિજયજી સાથે દુર્લભગ્રંથો લિપિ કરતાં
પંદર દિનમાં સાત મુનિએ ગ્રંથ લખ્યો નયચક્ર નામ
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન....૫

ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી શ્રીપાલરાસને શરૂ કરે
રાંદેરસંઘનો પૂર્તિ આગ્રહ વાચક જસ સ્વીકાર કરે
સાર્ધ સપ્તશત ગાથા પછીનું પૂર્ણ કર્યું એ રાસનું ગાન
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન....૬

સત્તર તેંતાલીસ ડભોઈતીર્થે ચરમ ચોમાસુ આપ રહ્યા
વરસ પંચાવન નિર્મળ સંયમ પાળી યશથી અમર થયા
વ્હેલા વ્હેલા શિવપુર જાવા કર્યું આપે શું શુભપ્રસ્થાન
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન....૭

પ્રભુની આણા ગૌણ બનીને જ્ઞાનનો મારગ વિરલ બન્યો
"શાસન મારું હું શાસનનો" એવો અન્તર્નાદ ઘટયો
એવા ટાણે આપના ગ્રંથો ટાળે સંઘનું તિમિર તમામ
વન્દન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન....૮

—: પ્રશસ્તિ :—

ન્યાયાચાર્ય ને ન્યાયવિશારદ યશોવિજયજી વાચક રાજ
વરસ વીત્યાં છે ત્રણસો પૂરા સ્મરણ અંજલિ દઈએ આજ
દેવ હેમનો સેવક ભાવે સકલ સંઘ સાથે પ્રણમે
ચૈત્રી પૂનમ દિન ચરણ વન્દના કરીને જીવન ધન્ય ગણે....૯

## પૂરવાણી

સભામહીં અવધાન સાંભળી ચકિત થયા ધનજી શૂરા
ઊભા થઈને વિનતિ કરે છે પ્રેમી શાસનના પૂરા
"કાશી જઈને ષટ્દર્શનનાં ગ્રંથ ભણાવો, ચાહું છું
એ મુનિવરમાં અગાધ પ્રતિભા બીજો 'હેમ' નિહાળું છું"—૧

યશોવિજયજીને બોલાવી ભાવ ધરીને એકાન્તે
ઉપકારી શ્રી સિંહસૂરિજી હિત શિક્ષા આપે ખંતે,
"ભાઈ, આધ્યાત્મિકતા કાજે અવગાહો આગમ અવિરામ
અબુધ જનોનાં હિતને કાજે ગૂર્જરગ્રન્થ રચો ગતમાન"—૨

પંડિત ખાણ સમી એ કાશી નગરીમાં આવ્યો વાદી
ગલીએ ગલીએ ફરતો તો પણ કોઈ નહીં ત્યાં પ્રતિવાદી
એવા વાદી વાદમાં જીતી પામ્યા આપ રૂડું સન્માન
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન—૩

વિક્રમ સંવત સત્તર બાવીસ ચોમાસામાં સૂર્યપુરે
મંગલસુત શા રૂપચંદને વિધિપૂર્વક ઉલ્લાસ પૂરે
આપે ત્યારે શ્રવણ કરાવ્યા અંગ અગીયારે થઈ સાવધાન
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન—૪

સૂક્ષ્મ કુશાગ્ર મતિથી ગૂથ્યા ન્યાયના ગ્રંથો ના ઉકલે
નય નિક્ષપને સ્યાદ્વાદના રહસ્યનો ના પાર મળે
હું તો એ સૌ જોઈ સાંભળી પ્રેમે લળી લળી કરૂં પ્રણામ
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન—૫

રોમરોમમાં શાસનપ્રીતિ આત્મરતિ સાધી અભિરામ
પ્રભુની આણા શિરે વહીને કીધું રૂડું નિજ કલ્યાણ
અમ અજ્ઞાનને જડતા હરવા આપ છો સાચા અભિનવ ભાણુ
વંદન કરીએ ત્રિવિધે તમને દેજો અમને સાચું જ્ઞાન—૬

ભવ વૈરાગી ગુરૂ ગુણરાગી પૂર્ણ ભક્ત પ્રભુ શાસનનાં
ગીતારથ સોભાગી સજ્જન પારંગત શ્રુત સાગરનાં
કેવળી ભાષિત માર્ગના જ્ઞાતા સદા અમારી સાથ રહો
જુગ જુગ જીવો જય જય પામો ઉપાધ્યાયજી અમર રહો—૭

-o-

અણહિલપુર-પાટણ શ્રી સંઘના આગ્રહથી
પૂજ્ય પં. શ્રી કાંતિવિજયજી મહારાજ
વિરચિત

# સુજસ-વેલી ભાસ

**૧ ઢાળ ઝાંઝરીયાની દેશી; ઝાંઝરીયા મુનિવર ! ધન ધન તુમ અવતાર—એ દેશી.**

પ્રણમી સરસતિ સામિનીજી, સુગુરુનો લહી સુપસાય
શ્રી યશોવિજય વાચક તણાજી, ગાઇસું ગુણસમુદાય, ૧

ગુણવંતા રે મુનિવર ! ધન તુમ જ્ઞાન પ્રકાસ
વાદિ-વચન-કસણે ચઢયોજી, તુજ શ્રુત સુરમણિ ખાસ
બોધિ-વૃદ્ધિ-હેતે કરિંજી, બુધજન તસ અભ્યાસ, ૨ ગુ.

સકલ મુનીસર સેહરોજી, અનુપમ આગમનો જાણ
કુમત-ઉત્થાપક એ જયોજી, વાચક કુલમાં રે ભાણ ૩ ગુ.

પ્રભવાદિક શ્રુતકેવલીજી, આગે હુઆ ષટ્ જેમ
કલિમાંહિ જોતાં થકા[1]જી, એ પણ શ્રુતધર તેમ. ૪ ગુ.

---

૧ પાઠાંતર : થયો.

જસ–વર્દ્ધાપક શાસનેજી, સ્વસમય પરમત દક્ષ
પોહચે નહિ કોઇ એહનેજી, સુગુણ અનેરા શત લક્ષ. ૫ ગુ.

કુર્ચાલી શારદ તણોજી, બિરૂદ ધરે સુવિહિત
બાલપણે આલાપે જિણેંજી, લીધો ત્રિદશગુરૂ જીત ૬ ગુ.

ગુજ્જરધર–મંડણ અછેજી, નામે કનોડું વર ગામ,
તિહાં હુઓ વ્યવહારિઓજી, નારાયણ એહવે નામ, ૭ ગુ.

તસ ધરણી સોભાગદેજી, તસ નંદન ગુણવંત,
લઘુતા પણ બુદ્ધેં[2]આગલોજી, નામે કુમર જસવંત ૮ ગુ.

સંવત સોલ અઠયાસિયેંજી, રહી કુણગેર[3]ચોમાસ
શ્રી નયવિજય પંડિતવરૂજી, આવ્યા[4]કન્હોડે ઉલ્લાસ. ૯ ગુ.

માત પુત્રસ્યું સાધુનાંજી, વાંદે ચરણ સવિલાસ
સુગુરુ ધર્મ ઉપદેશથીજી, પામી વરાગ પ્રકાસ ૧૦ ગુ.

અણહિલપુર પાટણ જઈજી, લ્યૈં ગુરૂપાસેં ચારિત્ર
યશોવિજય એહવીકરીજી, થાપના નામની તત્ર. ૧૧ ગુ.

---

૨ પાઠાં. બુદ્ધિ ૩ પાઠાં. કુંણગિરિ ૪ પાઠાં. કમ્હોડે ઉલ્લાસ

પદ્મસીહ[5] બીજો વલીજી, તસ બાંધવ ગુણવંત
તેહ પ્રસંગે પ્રેરિયોજી; તે પણ થયો વ્રતવંત. ૧૨ ગુ.

વિજયદેવ ગુરૂ હાથનીજી, વડી દીક્ષા હુઈ ખાસ
બિહુંનેં સોલઅઠયાસિયેંજી, કરતા[6]યોગ અભ્યાસ. ૧૩ ગુ.

સામાઇક આદિં ભણ્યાજી, શ્રી જસ ગુરૂમુખિ આપ,
સાકરદલમાં મિષ્ટતાજી, તિમ રહી મતિ શ્રુત વ્યાપ. ૧૪ ગુ.

સંવત સોલ નવાણુએંજી, રાજનગરમાં સુજ્ઞાન
સાધિં સાખિં સંઘનીજી, અષ્ટ મહા અવધાન. ૧૫ ગુ.

સા ધનજી સૂરા તિસેંજી, વીનવે ગુરૂને[7]એમ
'યોગ્ય પાત્ર વિદ્યાતણુંજી, થાસ્યેં એ બીજો હેમ. ૧૬ ગુ.

જો કાસી જઈ અભ્યસેંજી ષટ દર્શનના ગ્રંથ
કરિ દેખાડે ઊજલુંજી, કામ પડયેં[8]જિનપંથ.' ૧૭ ગુ.

વચન સુણી સહગુરૂ ભણેજી, 'કાર્ય એહ ધનનેં અધીન
મિથ્યામતિ વિણ સ્વારથેંજી, નાપે નિજશાસ્ત્ર નવીન.' ૧૮ ગુ.

નાણીના ગુણ બોલતાંજી, હુઈ દસનાની ચોષ (ખ)
સુજસવેલિ સુણતાં સધેંજી, કાંતિ સકલ ગુણ પોષ. ૧૯ ગુ.

---

૫ પાઠાં. પદ્મસીહ ૬ પાઠાં. કરસાં ૭ ગુરૂનઈ, ૮ પડઈ

૨ ઢાળ થાંરા મોહલાં ઊપરિ 'મેહ ઝબુકે વીજલી
હો લાલ ઝબુકે વીજલી એ દેશી

ધનજી સૂરા સાહ, વચન ગુરૂનું સુણી હો લાલ,
વચન ગુરુનું સુણી હો લાલ
આણી મન ઉચ્છાહ, કહૈં ઈમ તે ગુણી હો લાલ,
કહૈં ઇમ તે ગુણી હો લાલ.
'દોઈ સહસ દીનાર, રજતના ખરચસ્યું હો લાલ રજતના.
પંડિતને વારંવાર, તથાવિધિ અરચસ્યું હો લાલ તથાવિધિ. ૧

છે મુજ એહવી ચાહ, ભણાવો તે ભણી હો લાલ, ભણાવો.'
ઇમ સુણી કાશીનો રાહ, ગ્રહે ગુરૂ દિનમણી હો લાલ ગ્રહે.
હૂંડી કરિ ગુરૂરાય, ભગતિ ગુણ અટકલી હો લાલ, ભગતિ.
પાછલિથી સહાય, કરઈવા મોકલી હો લાલ, કરઈવા. ૨

કાશી દેશ મઝાર, પુરી વારાણસી હો લાલ, પુરી.
ક્ષેત્ર તણો ગુણધારિ, જિહાં સરસતિ વસી હો લાલ જિહાં.
તાર્કિક-કુલ-માર્ત્તંડ, આચારજ ભટ્ટનો હો લાલ, આચારજ.
જાણૈં રહસ્ય અખંડ, તે દર્શન ષટ્નો હો લાલ, તે ૩

ભટ્ટાચારિજ પાસ, ભણૈં શિષ્ય સાતસૈં હો લાલ, ભણૈં.
મીમાંસાદિ અભ્યાસ, કરેં વિદ્યારસૈં હો લાલ, કરે.
તે પાસિ જસ આપ, ભણેં પ્રકરણ ઘણાં હો લાલ, ભણેં.
ન્યાય મીમાંસાલાપ, સુગત જૈમનિ તણાં હો લાલ, સુગત. ૪

વૈશેષિક સિદ્ધાંત, ભણ્યાં ચિંતામણી હો લાલ, ભણ્યાં
વાદિ-ઘટા દુરદાંત, વિબુધચૂડામણી હો લાલ, વિબુધ.
સાંખ્ય પ્રભાકર ભટ્ટ, મતાંતર સૂત્રણા હો લાલ, મતાંતર.
ધારૈં મહા દુરઘટ્ટ, જિનાગમ-મંત્રણા હો લાલ, જિનાગમ. ૫

પંડિતને દેં આપ, રૂપૈયે દિન પ્રતિં હો લાલ, રૂપૈયે.
પઠન મહારસ વ્યાપ, ભણેં જસશું ભમતિં હો લાલ, ભણેં.
તીન વરસ લગિ પાઠ, કરેં અતિ અભ્યસી હો લાલ, કરેં.
સન્યાસી કરિ ઠાઠ, આયે એહવેં ધસી હો લાલ, આયે. ૬

તેહસું માંડયે વાદ, સકલ જન પેખતાં હો લાલ, સકલ.
નાઠે તજિ ઉદમાદ, સન્યાસી દેખતાં હો લાલ, સન્યાસી.
પંચ શબ્દ નીશાણ, ધુરંતિ ઈજતિ હો લાલ; ધુરંતિ.
આવ્યા જસ બુધ-રાણ, નિજાવાસિં તિતિં હો લાલ નિજા. ૭

વારાણસી શ્રી પાસ, તણી કીધી થુઇ હો લાલ તણી.
ન્યાયવિશારદ તાસ, મહાકીરતિ થઈ હો લાલ મહા.
કાશીથી બુધરાય, ત્રિહૂ વરષાંતરે હો લાલ ત્રિહૂ.
તાર્કિક નામ ધરાય, આવ્યા પુર આગરે હો લાલ આવ્યા. ૮

ન્યાયાચાર્યની પાસિ, બુધ વલિ આગરે હો લાલ બુધ.
કીધે શાસ્ત્ર અભ્યાસ, વિશેષથી આદરેં હો લાલ વિશેષથી.
ચ્યાર વરસ પર્યંત, રહી અવગાહિયા હો લાલ રહી.
કર્કશ તર્ક સિદ્ધાંત, પ્રમાણ પ્રવાહિયા હો લાલ પ્રમાણ. ૯

આગરાઇ સંઘ સાર, રુપૈયા સાતસેં હો લાલ રુપૈયા.
મૂંકે કરિ મનુહાર, આગેં જસનેં રસેં હો લાલ આગેં.
પાઠાં પુસ્તક તાસ, કરાય ઉમંગસ્યું હો લાલ કરાય.
છાત્રોનેં સવિલાસ, સમાપ્યાં રંગસ્યું હો લાલ સમાપ્યાં. ૧૦

દુર્દમ વાદી વાદ, પરિં પરિં જીપતા હો લાલ, પરિં.
આવ્યા અહમદાવાદ, વિદ્યાઈં દીપતા હો લાલ, વિદ્યાઈં.
ઇણિપરિ સુજસની વેલિ, સદા ભણસ્યેં જિકે'હો લાલ સદા.
કાંતિ મહારંગ રેંલિ, સાહી લહિસ્યેં તિકે હો લાલ સાહી. ૧૧

૩ ઢાળ–ખંભાઇતી–ચાલો સાહેલી વીંદ (વૃંદ)
વિલોકવા જી એ દેશી.

કાશીથી પાઉધારેં શ્રી ગુરૂજી ઈહાંજી, જીતી દિશિદિશિ વાદ,
ન્યાયવિશારદ બિરૂદ ધરેં વડોજી, આગે તૂર નિનાદ ૧
ચાલો સહેલી હે ! સુગુરૂનેં વાંદવાજી, ઇમ કહેં ગૌરી વેંણ
શાસનદીપક શ્રી પંડિતવરુજી, જોવા તરસેં નેંણ. ૨ ચાલો.
ભટ ચટ વાદી વિબુધેં વીટિઓજી, તારાઈં જિમ ચંદ
ભવિક ચકોર ઉલ્લાસન દીપતોજી, વાદી-ગરુડ ગોવિંદ. ૩ ચાલો.
યાચક ચારણ ગણિ સલહીજતા જી, વીંટયા સંઘ સમગ્ર
નાગપુરીય સરાહેં પધારિયા જી, લેતા અરઘ ઉદગ્ર. ૪ ચાલો.
કીરતિ પસરી દિશિ દિશિ ઊજલી જી, વિબુધતણી અસમાન
રાજસભામાં કરતાં વર્ણનાજી, નિસુણેં મહબતખાન. ૫ ચાલો.
ગુજજરપતિનેં હૂંસ હુઇ ખરીજી, જોવા વિદ્યાવાન
તાસ કથનથી જસ સાધેં વલીજી, અષ્ટાદશ અવધાન. ૬ ચાલો.

પેખી ગયાની ખાન ખુસી થયાજી, બુદ્ધિ વખાણે નવાબ
આડંબરસ્યું વાજિંત્ર વાજતેંજી, આવે થાનિક આપ. ૭ ચાલો.

શ્રી જિનશાસન ઉન્નતિ તાં થઈ જી, વાધી તપ ગચ્છ-શોભ
ગચ્છ ચોરાસીમાં સહુ ઇમ કહેં જી, એ પંડિત અક્ષોભ. ૮ ચાલો.

સંઘ સકલ મિલિ શ્રી વિજયદેવનેંજી, અરજ કરે કર જોડી
'બહુશ્રુત એ લાયક ચઉથેં પદિં જી, કુણ કરેં એહની હોડી ?'
૯ ચાલો.

ગચ્છપતિ લાયક એહવું જાણિનેં જી, ધારે મનમાં આપ
પંડિતજી થાનક તપવિધિસ્યું આદરેં જી, ચ્છેદણભવ-સંતાપ.
૧૦ ચાલો.

ભીના મારગ શુદ્ધ સંવેગનેં જી, ચઢેં સંયમ ચોષ (ખ)
જયસોમાદિક પંડિત-મંડલીજી, સેવેં ચરણ અદોષ ૧૧ ચાલો.
ઓાલી તપ આરાધ્યું વિધિ થકીજી, તસ ફલ કરતલ કીધ,
વાચક પદવી સતર અઢારમાંજી, શ્રી વિજયપ્રભ દીધ ૧૨ ચાલો.

વાચકજી જસ નામી જગમાં એ જયોજી, સુરગુરૂનો અવતાર
સુજસવેલિ ઈમ સુણતાં સંપજૈં જી, કાંતિ સદા જયકાર
૧૩ ચાલો.

૪ ઢાળ આજ અમારેં આંગણિયેં એ દેશી.

શ્રી યશોવિજય વાચક તણા હું તો ન લહું ગુણ વિસ્તારોરે
ગંગાજલ કણિકાથકી, એહના અધિક અછેં ઉપગારો રે ૧ શ્રી.

વચન રચન સ્યાદવાદનાં, નય નિગમ અગમ ગંભીરો રે
ઉપનિષદા જિમ વેદની, જસ કઠિન લહેં કોઈ ધીરો રે. ૨ શ્રી.

શીતલ પરમાનંદિની, શુચિ વિમલસ્વરૂપા સાચી રે
જેહની રચના ચંદ્રિકા, રસિયા જણ સેવે રાચી રે ૩ શ્રી.
લઘુ બાંધવ હરિભદ્રનો, કલિયુગમાં એ થયો બીજોરે
છતા યથારથ ગુણ સુણી, કવિયણ બુધ કો મત ખીજો રે ૪ શ્રી.
સતર ત્રયાલિં ચોમાસું રહ્યા, પાઠક નગર ડભોઈ રે
તિહાં સુરપદવી અણુસરી, અણુસણ કરિ પાતક ધોઇ રે ૫ શ્રી.
સીત તલાઈ પાખતી, તિહાં થૂભ અછ્ સસનૂરો રે
તે માહેંથી ધ્વનિ ન્યાયની, પ્રગટે નિજ દિવસે પડૂરો રે ૬ શ્રી.
સંવેગી શિરસેહરો, ગુરૂ જ્ઞાનરયણનો દરિયો રે
પરમત-તિમિર ઉછેદવા, એ તો બાલારૂણ દિનકરિયો રે ૭ શ્રી.
શ્રી પાટણના સંઘનો લહી, અતિ આગ્રહ સુવિશેષિં રે
સોભાવી ગુણફૂલડિં ઇમ સુજસવેલી, મ્હેં લેષિ (ખિ) રે ૮ શ્રી
ઉત્તમ ગુણ ઉદભાવતાં મ્હેં પાવન કીધી જીહા રે
કાંતિ કહે જસ વેલડી સુણતાં હુઈ ધન ધન દીહા રે ૯ શ્રી.

—ઇતિ શ્રીમન્મહોપાધ્યાય શ્રી યશોવિજય ગણિ પરિચયે સુજસવેલિ નામા ભાસઃ સંપૂર્ણઃ—૩—૧૪ શાંતિસાગરજી ભંડારની પ્રત

—ઉપર પ્રમાણે ઇતિ........નામા ભાસં. ઠાકોર મૂલચંદ પઠનાર્થં. ૨ પત્રની પ્રત તેમાં બીજું પત્ર મળેલું.

ઉપર પ્રમાણે પ્રત પાનાં ૪—૯ પોથી નં. પ્રત નં. ૧ અમદાવાદના વીરવિજય અપાસરાના ભંડારની પ્રત.

# સુજસ-વેલીનો સાર

સરસ્વતી દેવીને પ્રણમી તથા સદ્‌ગુરુની સુકૃપા પામી શ્રી યશોવિજય વાચકના ગુણગણનું ગાન કરીશું. હે ગુણવંતા મુનિવર યશોવિજયજી! તમારા જ્ઞાનપ્રકાશને ધન્ય છે. વાદીઓના વચનથી કસોટીએ ચઢેલું આપનું ખાસ દેવમણિ જેવું શ્રુત-રચેલું શાસ્ત્ર છે, તેનો અભ્યાસ બુધજનો બોધિ એટલે સમ્યકત્વમાં વૃદ્ધિ કરવા અર્થે કરે છે. સકલ મુનીશ્વરોમાં શેખર, આગમોના અનુપમ જ્ઞાતા, કુમતના ઉત્થાપક અને વાચક કુલમાં સૂર્ય એવા આપનો જય હો! ૧, ૧–૩

પૂર્વે પ્રભવ આદિ છ શ્રુતકેવલી થયા તેવી રીતે કલિકાલમાં જોતાં થકાં આ યશોવિજય પણ શ્રુતધર હતા; [૧] તેમજ શાસનના યશની વૃદ્ધિ કરનાર, સ્વસમયધર્મ અને પરધર્મના દક્ષ જ્ઞાતા હતા. તે ઉપરાંત તેમનામાં બીજા સેંકડો લાખો અનોખા સુગુણ હતા કે એથી તેમને કોઈ પહોંચી શકે તેમ હતું નહિ. તેઓ 'કૂર્ચાલી શારદા' (મૂછવાળી સરસ્વતી)નું સુવિદિત બિરૂદ ધારણ કરનારા હતા અને બાળપણે જ પોતાના આલાપથી દેવતાના ગુરૂ એવા બૃહસ્પતિને તેમણે જીતી લીધેલ હતા. ૧, ૪–૬

ગૂર્જર ધરાના શણગાર રૂપ કનોડું (૨) નામે સુંદર ગામ છે ત્યાં નારાયણ એવા નામનો વ્યવહારિયો-વાણિયો વસતો હતો, તેની ગૃહિણી સોભાગદે હતી અને તેઓનો ગુણવંત પુત્ર જસવંતકુમાર લઘુવય છતાં બુદ્ધિમાં અગ્રતા-

વાળો હતો. સંવત ૧૬૮૮માં કુણગેરમાં (૩) ચોમાસુ રહી પંડિતવર્ય શ્રી નયવિજય (૪) ઉલ્લાસથી કન્હોડા ગામમાં આવ્યા. માતા સોભાગદેએ પુત્ર સાથે જઈ આનંદપૂર્વક તે સદ્‌ગુરુનાં ચરણે વંદન કર્યું અને તેમના ધર્મોપદેશથી પોતાનામાં વૈરાગ્યનો પ્રકાશ પ્રાપ્ત થયો. અણહિલપુર પાટણમાં જઈ તે ગુરૂ પાસે ચારિત્ર લીધું–દીક્ષા લીધી. પુત્રની દીક્ષા સમયે 'યશોવિજય'ના નામની સ્થાપના કરી એટલે તે નામ તેને આપ્યું. વળી તેનો બીજો ગુણવંત ભાઈ નામે પદ્મ-સિંહ હતો તે પણ તે પ્રસંગે પ્રેરાઈ વ્રતવંત થયો એટલે તેણે પણ મુનિદીક્ષા સ્વીકારી. (તેનું નામ પદ્મવિજય) યોગાભ્યાસ કે યોગ્ય અભ્યાસ કરતા કરતા આ બંનેને સં. ૧૬૮૮માં તેજ વર્ષમાં વડી દીક્ષા તપાગચ્છના આચાર્ય વિજયદેવસૂરિએ (૫) સ્વહસ્તે આપી. બંનેએ ગુરૂ પાસે શ્રુતાભ્યાસ કર્યો. સં. ૧૬૯૯માં રાજનગર અમદાવાદમાં સંઘ સમક્ષ યશોવિજયે અષ્ટ અવધાન કર્યાં. સંઘમાં એક અગ્રણી-આગેવાન નામે શાહ ધનજી સૂરાએ (૬) ગુરૂ નયવિજયને વિનંતિ કરી કે આ (યશોવિજય) વિદ્યા માટે યોગ્ય પાત્ર છે ને બીજા હેમાચાર્ય થાય તેમ છે તો કાશી જઈ છયે દર્શનના ગ્રંથનો અભ્યાસ કરે તો કામ પડયે જિનમાર્ગને ઉજ્વલ કરી બતાવે તેમ છે. ગુરૂએ આ વચન સાંભળી જણાવ્યું "આ કાર્ય ધનને આધીન છે, વિના સ્વાર્થે અન્યમતિઓ નિજ શાસ્ત્રોનું જ્ઞાન ન આપે." ૧, ૭ થી ૧૯.

ગુણી શ્રાવક શાહ ધનજી સૂરાએ મનના ઉત્સાહપૂર્વક કહી દીધું કે 'રૂપા નાણાની બે હજાર દીનારનો ખર્ચ કરવા

અને પંડિતને વારંવાર–વખતો વખત તથા વિધ અર્ચવા ખુશ કરવા પોતે તૈયાર છે, માટે મારી ઈચ્છા એવી છે કે તેને ભણાવવાનું કરો.' આ સાંભળી ગુરૂએ કાશી પ્રત્યે વિહાર કર્યો. ગુરૂએ ઉકત શ્રાવકની ભક્તિ જાણી હુંડી કરાવી અને તે શ્રાવકે પાછળથી સહાય અર્થે નાણા મોકલ્યાં. ૨, ૧–૨

કાશી દેશની વાણારસી નગરી એ તો ગુણીજનોનું ક્ષેત્ર અને સરસ્વતીનું નિવાસસ્થાન. ત્યાં તાર્કિક–કુલ–માર્તંડ અને ષટ્દર્શનના અખંડ જ્ઞાતા એક ભટ્ટાચાર્ય હતા કે જેની પાસે સાતસો શિષ્ય મીમાંસા આદિનો અભ્યાસ જ્ઞાનરસપૂર્વક કરતા હતા. ત્યાં યશોવિજય પ્રકરણો ભણવા ગોઠવાયા. ન્યાય, મીમાંસા, બૌદ્ધ, જૈમિની, વૈશેષિક આદિના સિદ્ધાન્તો, ચિંતામણી ન્યાયગ્રંથોનો અભ્યાસ કરી વાદિઘટામાં દુર્દાન્ત વિબુધચૂડામણી થયા. તેમણે સાંખ્ય, પ્રભાકર ભટ્ટનાં મહા દુર્ઘટ સૂત્ર–મતાંતરો જાણી જિનાગમ સાથેનો સમન્વય કરી લીધો. અધ્યાપક પંડિતજીને હંમેશનો રૂપૈયો અપાતો. એમ ત્રણ વર્ષ સુધી લાગલાગટ સતત અભ્યાસ કર્યો. એવામાં ત્યાં મોટા ઠાઠથી આવેલા એક સંન્યાસી સાથે વાદ કરી યશોવિજયે સર્વજન સમક્ષ તેના પર જીત મેળવતાં તે ચાલી ગયો અને તેમનો પંચશબ્દ નિશાણ સહિત ઢોલનગારાં સાથે ભારે સત્કાર કરવામાં આવ્યો. આવા સત્કાર સહિત નિજ આવાસમાં આવતાં વાણારસી પાર્શ્વનાથની (૭) સ્તુતિ કરવામાં આવી, 'ન્યાય વિશારદ' નામની મહા-પદવી અપાઈ, તેમની મહાકીર્ત્તિ થઇ. (૮) આવી રીતે

ત્રણ વર્ષ કાશીમાં રહી ત્યાંથી તાર્કિક તરીકે આગ્રામાં આવ્યા. ૨, ૩–૮

આગ્રાના એક ન્યાયાચાર્ય પાસે આ પંડિતે રહી વિશેષ આદરથી કર્કશ તર્કસિદ્ધાન્ત અને પ્રમાણનાં શાસ્ત્રો અવગાહી તર્કશાસ્ત્રનો ચાર વર્ષ સુધી અભ્યાસ કર્યો. ત્યાંના સંઘે યશોવિજય પાસે સાતસો રૂપૈયા ધર્યા, કે જેનો ઉપયોગ પુસ્તક પાઠામાં અને છાત્રોને આપવામાં કર્યો. આ રીતે દુર્દમ્ય વાદી બની સ્થળે સ્થળે વાદમાં જીત મેળવતા, વિદ્યાએ દીપતા પંડિત યશોવિજયજી અહમદાવાદ આવ્યા. આ રીતે સુજસવેલી જે સદા ભણશે તેને (કર્ત્તા) કાંતિવિજય કહે છે કે મહારંગની રેલ પ્રાપ્ત થશે. ૨, ૯–૧૧

કાશીથી 'ન્યાયવિશારદ' પદ લઈ વાદોમાં વિજય મેળવી ઘણાં વર્ષે પધારેલા આ શાસનદીપક પંડિતવર્યને જોવા તરસતા એવા અનેક વિદ્વાનો–ભટ્ટ, વાદી, (જયગીત ગાનારા) યાચક, ભોજક, ચારણ આદિના ટોળાથી અને સકલ સંઘ સમુદાયથી વીંટાયેલા તેઓ અમદાવાદ નાગપુરી સરાહ (હાલ પણ જેને નાગોરી સરાહ કહે છે ત્યાં) પધાર્યા. ચારે બાજુ કીર્ત્તિ પ્રસરતાં તેમની પ્રશંસા ગૂર્જ્જરપતિ (સૂબા) મહોબતખાન (૯) પાસે રાજસભામાં થતાં તેને તેમની વિદ્યા જોવા હોંશ થતાં તેના કથનથી યશોવિજયે અઢાર અવધાન કરી બતાવ્યાં. તે ખાને ખુશ થઇ તેમની બુદ્ધિના વખાણ કર્યા અને તેમને આડંબરથી વાજતે ગાજતે સ્વસ્થાનકે લઈ જવામાં આવ્યા. ૩, ૧–૭.

આથી જૈન શાસનની ઉન્નતિ થઈ અને તપાગચ્છમાં આ યતિ–મુનિ અક્ષોભ (કોઇથી ક્ષોભ ન પામે એવા) પંડિત છે એમ સર્વે ગચ્છનાએ સ્વીકાર્યું. (અમદાવાદના) સંઘે ગચ્છનાયક વિજયદેવસૂરિને આ અજોડ–અજેય અનુપમ તબહુ પંડિત (પંચ પરમેષ્ટિના) ચોથા પદ (નામે ઉપાધ્યાયપદ)ને યોગ્ય છે માટે તે પદ આપવાની વિનંતિ કરતાં તેમણે તે વાત ધારી રાખી. પંડિત યશોવિજયજીએ સ્થાનક (વીસ સ્થાનક)ની ઓળીનો તપ આદર્યો, શુદ્ધ સંવેગ (મોક્ષાભિલાષ) સાથે સંયમની શુદ્ધિ વધારી. તે વખતે જયસોમ (૧૦) આદિ પંડિત મંડલીએ તેમનાં 'અદ્વેષ ચરણ' સેવ્યાં. વિધિપૂર્વક તપ આરાધ્યા પછી ફલ તરીકે (વિજયદેવસૂરિના પટ્ટધર) વિજયપ્રભ-સૂરિએ (૧૧) સં, ૧૭૧૮માં તેમને વાચક–ઉપાધ્યાય પદ આપ્યું. જશવિજય વાચકના નામે જગમાં જય થયો કે તે સુરગુરૂના અવતાર છે. આમ સુજસવેલી સાંભળતાં કાંતિવિજય કહે છે કે, સદા જયકાર સંપ્રાપ્ત થશે. ૩, ૮–૧૩

ઉપાધ્યાય યશોવિજયના ગુણનો વિસ્તાર પમાય તેમ નથી. તેમના ઉપકારો ગંગાજલથી વિશેષ છે. વેદની ગંભીર અને કઠિન રચના જેમ ઉપનિષદો છે તેમ સ્યાદ્‌વાદના નય નિગમ આગમથી ગંભીર અને કઠિન તે યશોવિજયની વચન રચના છે, કે જેનું રહસ્ય કોઈ ધીરજન જ પામી શકે તેમ છે. એમની રચના ચંદ્રિકા જવી શીતલ, પરમાનંદ આપનારી, પવિત્ર, વિમલસ્વરૂપ, અને સાચી છે, અને તેનું સેવન રસિકજનો હોંશે હોંશે કરે છે. હરિભદ્રસૂરિનો આ

લઘુબાંધવ એટલે કલિયુગમાં આ બીજો હરિભદ્ર થયો. તેના છતા યથાર્થ ગુણ સાંભળી કોઈ કવિ કે બુધજન ખીજાશે નહિ. ૪. ૧–૪

સં. ૧૭૪૩ માં આ પાઠક ડભોઈ (૧૨) નગરમાં ચોમાસું રહ્યા હતા અને ત્યાં અનશન કરી પાતક ધોઇ સુરપદવી વર્યા–સ્વર્ગસ્થ થયા. ત્યાં (તેમના દેહના) અગ્નિદાહ કરવાના સ્થળે–શાખની ટાઢી થઈ ત્યાં સમાધિસ્તૂપ તેજોમય છે ને તેમાંથી ન્યાયની ધ્વનિ તેમના સ્વર્ગવાસના દિવસે પ્રધાનપણે પ્રકટે છે. ૪, ૫–૬

(છેવટે કર્ત્તા કહે છે કે) આ ગુરૂ સંવેગીઓના મસ્તકપર શેખર–ઉત્કૃષ્ટ સંવેગી, જ્ઞાનરૂપી રત્નનો સાગર, અને કુમતરૂપી અંધકારને દૂર કરવા બાલારૂણ દિનકર હતા. વિશેષે કરી પાટણના સંઘનો અતિ આગ્રહ થવાથી મેં આ સુજસવેલી લખીને સુજસ (યશોવિજય) ના ગુણરૂપી ફુલોથી શોભાવી છે. તેમના ઉત્તમ ગુણોને પ્રકટાવતાં મેં મારી જીભ પવિત્ર કરી છે. કાંતિવિજય (કર્તા) કહે છે કે આ જસવેલડી સાંભળતાં શ્રોતાનો તે દિવસ ધન્ય ધન્ય છે. ૪, ૭–૯

(જુઓ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પારા ૯૧૬ થી ૯૨૫ કે જેમાં આ સુજસવેલીનો સાર પ્રગટ કરેલો છે, તથા વિશેષ માટે જુઓ તેના જ પારા ૯૨૬ થી ૯૪૫)

(આ સુજસ–વેલીના સારમાં (૧) થી (૧૨) એમ આંકડા મૂકયા છે તે આ પછી આપેલ ટિપ્પણીઓના આંક છે.)

# ટિપ્પણીઓ

(૧) યશોવિજયમાં શ્રુતકેવલિપણાનું આરોપણ જેમ અત્રે કર્યું છે તે પ્રમાણે તેમના સમકાલીન માનવિજય ગણિએ પોતાના સં. ૧૭૩૮માં રચી પૂરા કરેલા ધર્મસંગ્રહ નામના ગ્રંથ (કે જે ગ્રંથ ખુદ યશોવિજયે સંશોધ્યો હતો) ની પ્રશસ્તિમાં વર્ણવેલ છે:—

तर्कप्रमाणनयमुख्यविवेचनेन,
प्रोद्‌बोधितादिममुनि श्रुतकेवलित्वाः ।
चक्रु यशोविजयवाचकराजिमुख्या,
ग्रंन्थेऽत्र मय्युपकृति परिशोधनाद्यैः । ११

તર્ક, પ્રમાણ, નયનું મુખ્યપણું જેમાં છે એવા વિવેચન વડે જેમણે અગાઉના મુનિઓનું શ્રુતકેવલીપણું પ્રબોધ્યું છે એટલે પોતે પોતાના જ્ઞાનથી બતાવી આપ્યું છે કે અગાઉના શ્રુતકેવલી આવા હોય એવા અને વાચક-ગણમાં મુખ્ય યશોવિજયે આ ગ્રંથમાં પરિશોધન આદિથી મારા ઉપર ઉપકાર કર્યો છે.

(૨) કન્હોડું-એ મહેસાણા અને મોઢેરા વચ્ચે આવેલું નાનું ગામ છે.

(૩) કુણુગેર–એ પાટણ પાસે ગામ છે. તેનો ઉલ્લેખ કુમારગિરિ તરીકે ઐતિહાસિક સંસ્કૃત પ્રબંધમાં મળે છે. જુઓ વિજયપ્રશસ્તિ આદિ પ્રબંધ.

(૪) નયવિજય–તપાગચ્છના હીરવિજય સૂરિના શિષ્ય કલ્યાણવિજયના શિષ્ય લાભવિજયના શિષ્ય અને જીતવિજયના ગુરૂભ્રાતા.

(૫) વિજયદેવ સૂરિ–તપાગચ્છના વિજયસેન સૂરિ કે જે હીરવિજય સૂરિના પટ્ટધર હતા તેના પટ્ટધર. ગચ્છાચાર્ય પદ સં. ૧૬૭૧માં મળ્યું. સ્વર્ગસ્થ સં. ૧૭૧૬ ઉનામાં. તેમના ચરિત્ર માટે જુઓ વિજયપ્રશસ્તિ, વિજયદેવસૂરિ મહાત્મ્ય, જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨ પૃ. ૭૨૭, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પૃ. ૮૭૦માં તે નામ સામે આપેલ ઉલ્લેખો.

(૬) શા ધનજી સૂરા–અમદાવાદના ઓસવાળ સંઘવી સૂરા અને રતન નામે બે ભાઈઓ સં. ૧૬૭૪ પહેલાં વિદ્યમાન હતા. તેમણે સત્તાશીઆ એટલે સં. ૧૬૮૭ ના દુકાળમાં શત્રુકાર (દાનશાળા) ખોલી હતી અને શત્રુંજયના અઢાર સંઘ કાઢયા હતા. આ પૈકી સૂરાના પુત્રનું નામ ધનજી અને રતનના પુત્રનું નામ પનજી હતું–તે બંને એટલે ધનજી અને પનજીએ સમેતશિખરની યાત્રાનો સંઘ કાઢી તેમાં એક લાખ અને એંસી હજારનું ખર્ચ કરી 'સંઘવી' પદવી પ્રાપ્ત કરી હતી. જુઓ જૈન ઐ. રાસ માળા પૃ. ૨૨૩ અને શ્રી વિજયધર્મસૂરિ સંપાદિત પ્રાચીન તીર્થમાળા સંગ્રહ વળી આ ધનજી સૂરાએ વિજયદેવસૂરિ

સાથે વિજયપ્રભસૂરિ અમદાવાદ સં. ૧૭૧૧માં આવ્યા ત્યારે વિજયપ્રભસૂરિનો ગણાનુજ્ઞાનો નંદિ મહોત્સવ ૮૦૦૦ મહુ-મુંદ્રિક ખર્ચીને કર્યો હતો.

(૭) વાણારસી પાર્શ્વનાથ–તે એક તીર્થ હતું. વાણારસી કાશી તે પાર્શ્વનાથની જન્મભૂમિ. તે વાણારસી પાર્શ્વનાથની યાત્રાએ સં. ૧૬૪૩માં છ સાત માસના બાલક બનારસીદાસને લઈ તેના પિતા ગયા હતા. તે બાલક ચિરંજીવ રહે તે માટે તેના પૂજારીએ પાર્શ્વનાથની જન્મભૂમિ પરથી તે બાલકનું નામ આપવું એમ કહેવાથી પિતાએ બાલકનું નામ બનારસીદાસ પાડયું હતું. જુઓ 'બનારસી વિલાસ'માં પસ્તાવનામાં આપેલ આત્મવૃત્તાંત.

(૮) યશોવિજયે કાશીમાં જીત મેળવી હતી તે વાત તેમના સમકાલીન ઉપર્યુક્ત નં. ૧ ના માનવિજય ગણિ પણ પોતાના ધર્મસંગ્રહ નામના ગ્રંથની પ્રશસ્તિમાં જણાવે છે :—

> सत्तर्ककर्कशधियाखिलदर्शनेषु
> मूर्धन्यतामधिगतास्तपगच्छधुर्याः ।
> काश्यां विजित्य परयूथिक पर्षदोऽग्रया
> विस्तारितप्रवरजैनमतप्रभावाः ॥

—તે તપગચ્છના ધોરીએ (યશોવિજયે) ઊંચા તર્કની કર્કશ બુદ્ધિ વડે સર્વ દર્શનોમાં મુખીપદ પ્રાપ્ત કરી પરમતની પરિષદ્‌ને જીતીને અગ્રણી તરીકે ઉંચા જૈન મતનો પ્રભાવ વિસ્તાર્યો હતો.

(૯) મહબ્બતખાન તે મહાબતખાન કે જેને ઔરંગઝેબે સને ૧૬૫૮માં દિલ્લીની ગાદી લઈ ગુજરાતના ૨૨મા સૂબા તરીકે જશવંતસિંહજી (સને ૧૬૫૯-૬૨)ને નીમ્યા પછી સને ૧૬૬૨ (સં ૧૭૧૮)માં ગુજરાતનો સૂબો નીમ્યો હતો અને તે સન ૧૬૬૮ સુધી ૨૩ મો સૂબો રહ્યો હતો. જુઓ મુંબઈ ગેઝેટીઅર વૉ. ૧ ભાગ ૧-ગુજરાતનો ઇતિહાસ પૃ. ૨૮૩.

(૧૦) જયસોમ-તપગચ્છની ૫૬મી પાટે થયેલ આનંદવિમલસૂરિ-સોમનિર્મલ ઉપાધ્યાય-હર્ષસોમ પાઠક-જશસોમના શિષ્ય. તેમણે ગુજરાતીમાં સં. ૧૭૦૩માં બાર ભાવનાની બાર સજઝાય, ચૌદ ગુણસ્થાનક સજઝાય તથા સં. ૧૭૧૬માં છ કર્મગ્રંથ પર ગદ્ય બાલાવબોધ (પ્રકાશિત-પ્રકરણ રત્નાકર ભાગ ચોથામાં) રચેલ છે. જુઓ જૈન ગુર્જર કવિઓ ભાગ ૨-પૃ. ૧૨૬ થી ૧૨૮

(૧૧) વિજયપ્રભસૂરિ-તે ઉપર્યુક્ત નં. ૫ ના વિજયદેવસૂરિના પટ્ટધર. આચાર્યપદ સં ૧૭૧૦ ગંધારમાં, ગચ્છપતિ પદ સં. ૧૭૧૧ અમદાવાદમાં અને સ્વર્ગવાસ સં. ૧૭૪૯ ઉનામાં જુઓ જૈન ગૂર્જર કવિઓ ભાગ-૨ પૃ. ૭૨૮

(૧૨) ડભોઈ-ભરૂચથી ઇશાન કોણમાં ૪૦ માઈલ અને વડોદરાથી અગ્નિ કોણમાં ૨૦ માઈલ દૂર આવેલું હાલનું ડભોઈ. જુનું નામ યા સંસ્કૃત નામ દર્ભાવતી છે. સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાળમાં દર્ભાવતીને સરહદના

કિલ્લાના રૂપમાં ફેરવી નાંખ્યું હતું. તેની બાંધણી તેમજ તેની સુંદર અને ભવ્ય કોતરણીથી રૂદ્રમાળનું મંદિર અને ઝિંઝુવાડા અને દર્ભાવતીના કિલ્લાઓ–એ ત્રણે સ્થાનો એકી વખતે તેના રાજ્યમાં બંધાવ્યાં હતાં એવી પુષ્ટિ મળે છે. ડભોઈના કિલ્લાનું વર્ણન રાસમાળા ભાગ પહેલામાં કર્યું છે. એક મહાન રાજ્યના સરહદ ઉપરના કિલ્લાનું સ્થાન પ્રાપ્ત થયા પછી આ દર્ભાવતીની મહત્તા ત્વરાથી વધી ગઈ. સં. ૧૨૮૮ના ગિરનાર પરના વસ્તુપાલ તેજપાલ મંત્રીના શિલાલેખમાં આ શહેરને ગુજરાતમાં અગત્યનાં શહેરોમાંનું એક ગણ્યું છે :–

श्री तेजःपालेन श्री शत्रुंजयार्बुदाचलप्रभृति महातीर्थेषु श्रीमदणहिलपुर भृगुपुर स्तम्भनकपुर स्तम्भतीर्थ दर्भवती धवलक्क प्रमुख नगरेषु तथान्यसमस्तस्थानेष्वपि कोटिशोऽभिनव धर्मस्थानानि प्रभूत जीर्णोद्धाराश्च कारिताः ॥

અણહિલપુર પાટણની પડતી અલ્લાઉદ્દીન ખીલજીનું લશ્કર આવતાં થઈ તે પછી ડભોઈ મુસ્લીમોના વધતા જતા આક્રમણથી પડ્યું અને તેનાં મંદિરોનો નાશ થયો.

વિશેષ માટે જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પારા ૪૮૯, ૫૨૭ ક, ૫૮૧, ૬૮૭, ટિ. ૫૨૩, પારા ૯૨૫.

## પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત

# પ્રકાશિત ગ્રંથોની સૂચિ

### સંપા.

### જયંત કોઠારી, કાંતિભાઈ બી. શાહ, રસિક મહેતા

(આ સૂચિ મુખ્યત્વે લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ગ્રંથસંગ્રહને આધારે કરી છે અને એમાં ગ્રન્થસૂચિકાર્ડની મદદ લીધી છે. 'યશોદોહન' (હીરાલાલ ર. કાપડિયા)નો પણ લાભ લીધો છે. જૈન સાહિત્ય વિકાસ મંડળે તૈયાર કરેલી સાઇક્લોસ્ટાઇલ્ડ સૂચિમાંથી કેટલીક પૂર્તિ કરી છે. અન્ય સાધનો જોવાનું બની શક્યું નથી. તેમ માહિતી જેવી મળી તેવી જ મૂકી આપી છે; તે ચકાસવાનું બન્યું નથી. અભ્યાસીઓ આમાં શુદ્ધિવૃદ્ધિ સૂચવશે એવી આશા છે.)

અઢાર પાપસ્થાનક સજ્ઝાયોની ચોપડી, શેઠ દલસુખભાઈ ભગુભાઈ, ઈ. સ. ૧૮૯૭.

અઢાર પાપસ્થાનકની સજ્ઝાય (ગુ.), (અર્થવિવેચન સહિત), પ્રકા. આશારીઆ નથુભાઈ, વીરરા, કચ્છ ઈ. સ. ૧૯૫૩, વિ. સં. ૨૦૦૯ (ચોથી આ.).

અઢાર પાપસ્થાનક તથા બારભાવનાની સજ્ઝાય (ગુ.), (કર્પૂરવિજયજીના અર્થ અને વિવેચન સાથે), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ. સં. ૧૯૭૩, વિ. સં. ૧૯૭૯ (બીજી આ.).

અધ્યાત્મમતપરીક્ષા (પ્રા.), (ગુજ. અનુ. સહિત), પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૧૬ (પહેલી આ.).

અધ્યાત્મમતપરીક્ષા (પ્રા. સં.), (સ્વોપજ્ઞવૃત્તિસહ), પ્રકા. શ્રેષ્ઠિ દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત, ઈ. સ. ૧૯૧૧.

અધ્યાત્મસાર (સં.), પ્રકા. કેશરબાઈ જ્ઞાનભંડાર, પાટણ, ઈ. સ. ૧૯૩૮, (પહેલી આ.).

અધ્યાત્મસાર, (સં. ગુજ.), (ભાવાર્થ તથા વિશેષાર્થ સહ) પ્રકા. જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ, પાલીતાણા, ઈ. સ. ૧૯૧૩ (પહેલી આ.).

અધ્યાત્મસાર (સં.), (તથા કદમ્બગિરિતીર્થવિરાજ સ્તોત્ર), સંપા. વિજયાનંદસૂરિ, પ્રકા. કેશરબાઈ જ્ઞાનભંડાર, પાટણ, ઈ. સ. ૧૯૩૮ (પહેલી આ.).

અધ્યાત્મસાર (સં.), સંપા. નેમચંદ્રજી, અનુ. પદ્મવિજયજી, પ્રકા. નિર્ગ્રન્થ સાહિત્ય પ્રકાશન સંઘ, દિલ્હી, ઈ. સ. ૧૯૭૬ (પહેલી આ.).

અધ્યાત્મસાર (સં.), (પં. ગંભીરવિજયગણિકૃત વૃત્તિ સાથે), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૧૫.

અધ્યાત્મસાર (સં.), (ગંભીરવિજયગણિની ટીકા સાથે), પ્રકા. નરોત્તમ ભાણજી, વિ. સં. ૧૯૫૨.

અધ્યાત્મસાર (સં. ગુ.), (ગંભીરવિજયજીની ટીકાના ગુજરાતી અનુવાદ સાથે), પ્રકા. નરોત્તમ ભાણજી, ઈ. સ. ૧૯૧૬.

અધ્યાત્મસાર (સં.ગુ.), અનુ. ચંદ્રશેખરવિજયજી, વિ. સં. ૨૦૨૩.

અધ્યાત્મસાર-અધ્યાત્મોપનિષદ્-જ્ઞાનસારપ્રકરણત્રયી (સં.), પ્રકા. નગીનદાસ કરમચંદ, વિ. સં. ૧૯૯૪.

અનેકાંતવ્યવસ્થાપ્રકરણ (સં.), (તત્ત્વબોધિની વિવૃત્તિ સાથે), સંપા. વિજયલાવણ્યસૂરિ, પ્રકા. વિજયલાવણ્યસૂરિ જ્ઞાન-મંદિર, બોટાદ, ઈ. સ. ૧૯૫૨ (પહેલી આ.).

અનેકાન્તવ્યવસ્થાપ્રકરણમ્ (સં.), (ઉત્તરાર્ધસટીક), સંપા. દક્ષસૂરિ, ટીકા. વિજયલાવણ્યસૂરિ, પ્રકા. વિજયલાવણ્યસૂરિ જ્ઞાનમંદિર, બોટાદ, ઈ. સ. ૧૯૫૮ (પહેલી આ.).

અનેકાન્તવ્યવસ્થાપ્રકરણમ્ (સં.), (જૈન તર્ક), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૪૩.

અનેકાન્તવાદમાહાત્મ્યવિંશિકા ( સં. ગુજ.), ( પંડિત સુશીલવિજયગણિના ગુજરાતી ભાવાર્થ સાથે), પ્રકા. જ્ઞાનોપાસક સમિતિ, વિ. સં. ૨૦૧૫.

અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્ (સં.), (સાથે – સમંતભદ્રાચાર્યકૃત આપ્તમીમાંસા, અકલંકદેવકૃત ભાષ્ય, વિદ્યાનંદસૂરિકૃત અષ્ટસહસ્રી વૃત્તિ તેમજ યશોવિજયજીકૃત આદિજિન સ્તવન), સંપા. વિજયોદયસૂરિ, પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૩૭.

આર્ષભીયચરિતમહાકાવ્યમ્ (સં.), સંપા. યશોદેવસૂરીશ્વરજી, પ્રકા. યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૭૬ ( પહેલી આ. ).

ઉત્પાદાદિસિદ્ધિવિવરણ, વાદમાલા, અસ્પૃશદ્ગતિવાદ, વિજયપ્રભુસૂરિસ્વાધ્યાયશ્ચેતિ ગ્રંથચતુષ્ટયી (સં.), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૪૪, વિ. સં. ૨૦૦૦.

ઉત્પાદાદિસિદ્ધિ (સં.), (યશોવિજયકૃત વિવરણ સાથે), પ્રકા. ઋષભદેવજી કેસરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, ઈ. સ. ૧૯૩૬.

ઉપદેશરહસ્ય (પ્રા.) પ્રકા. અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ, ઈ. સ. ૧૯૮૨.

ઉપદેશરહસ્યપ્રકરણમ્ (પ્રા. સં.), (સ્વોપજ્ઞ વૃત્તિ સાથે), પ્રકા. મનસુખભાઈ ભગુભાઈ, અમદાવાદ, ઈ. સ. ૧૯૧૧, વિ. સં. ૧૯૬૭ (પહેલી આ.).

ઉપદેશરહસ્ય ( પ્રા. સં. ), પ્રકા. કમલ પ્રકાશન, અમદાવાદ, ઈ. સ. ૧૯૬૭ (પહેલી આ.).

ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા (સં.), (સ્વોપજ્ઞ વિવરણ તેમજ પરમજ્યોતિપંચવિંશતિકા, પરમાત્મપંચવિંશતિકા તથા શત્રુંજયમંડનઋષભદેવ સ્તવન સાથે), સંપા. મુનિ પુણ્યવિજય, પ્રકા. આત્માનંદ સભા, ભાવનગર, વિ. સં. ૧૯૮૪ (પહેલી આ.).

ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા (સં.), પ્રકા. યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૬૨ (પહેલી આ.).

(શિવશર્મસૂરિકૃત) કર્મપ્રકૃતિ (પ્રા. સં.), (મલયગિરિની ટીકા તથા યશોવિજયકૃત ટીકા સાથે), પ્રકા. મંગલદાસ મનસુખરામ શાહ, ઝવેરચંદ મનસુખરામ શાહ, ઈ. સ. ૧૯૩૪ (પહેલી આ.).

(શિવશર્મસૂરિકૃત) કર્મપ્રકૃતિ (પ્રા.), (મલયગિરિ તથા યશોવિજયજીની સંસ્કૃત વૃતિઓ સાથે), પ્રકા. ખૂબચંદ પાનાચંદ, ડભોઈ, ઈ. સ. ૧૯૩૭.

(મમ્મટકૃત) કાવ્યપ્રકાશ દ્વિતીય તૃતીય ઉલ્લાસ ટીકા (સં.), સંપા. મુનિ યશોવિજયજી, પ્રકા. યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૭૬.

ગુરુતત્ત્વવિનિશ્ચયઃ (પ્રા. સં.), (સ્વોપજ્ઞ વૃત્તિ, અસ્પૃશદ્ગતિવાદ તથા કર્મપ્રકૃતિની અપૂર્ણ લઘુ વૃત્તિ સાથે), પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૨૫.

ગુરુતત્ત્વવિનિશ્ચયઃ ભા. ૧ તથા ૨ (પ્રા. સં. ગુજ.), (સ્વોપજ્ઞ ટીકા તથા ગુજરાતી અનુવાદ સાથે), અનુ. રાજશેખરવિજયજી, પ્રકા. જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુંબઈ, ઈ. સ. ૧૯૮૫ તથા ૧૯૮૭.

ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા. ૧ (ગુજ.), (કૃતિઓ – ચોવીશીઓ, વીશી, જસવિલાસ, સ્તવનો, સજ્ઝાયો, શતકો, સમુદ્રવહાણ સંવાદ, પંચપરમેષ્ઠિ ગીતા, દિક્પટ ચોરાશી બોલ વગેરે),

પ્રકા. શા. બાવચંદ ગોપાલજી, મુંબઈ, ઈ. સ. ૧૯૩૬, વિ. સં. ૧૯૯૨ (પહેલી આ.).

ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા. ૨ (ગુજ.), (કૃતિઓ – દ્રવ્યગુણપર્યાયનો રાસ સ્વોપજ્ઞ ટબા સાથે, જમ્બૂસ્વામી રાસ, બે પત્રો) સંપા. જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, પ્રકા. યશોવિજયજી ગૂર્જર સાહિત્ય સંગ્રહ સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૩૮ (પહેલી આ.).

ગોડીપાર્શ્વનાથસ્તોત્ર (સં.), (મતિરસપૂર્ણખંડકાવ્યમ્ વૃત્ત્યા વિભૂષિતમ્), પ્રકા. જૈન સાહિત્ય વર્ધક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૬૨.

ચતુર્વિંશતિકા (સં. ગુ.) (આદિજિનસ્તવન સમાવિષ્ટ ગુજ. અનુવાદ સાથે), સંપા. હીરાલાલ કાપડિયા, પ્રકા. આગમોદય સમિતિ, ઈ. સ. ૧૯૨૬.

ચોવીશી (ગુજ.), (ભાવાર્થ અને દુર્લભજી કાલીદાસના વિવેચન સાથે), પ્રકા. જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, ઈ. સ. ૧૯૧૭ (પહેલી આ.), ઈ. સ. ૧૯૧૮ (બીજી આ.).

જંબૂસ્વામીનો રાસ (ગુજ.), પ્રકા. જૈન ધર્મ પ્રસારક શાખા, મુંબઈ, ઈ. સ. ૧૮૮૮ (પહેલી આ.).

જંબૂસ્વામી રાસ (ગુજ.), સંપા. રમણલાલ ચી. શાહ, પ્રકા. નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ, સુરત, ઈ. સ. ૧૯૬૧ (પહેલી આ.).

જૈન કથારત્ન કોશ ભા. ૫, (સમકિતના ષટ્સ્થાન સ્વરૂપની ચોપાઈ (ગુજ.) સમાવિષ્ટ), શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ. સ. ૧૮૯૧.

જૈન તર્કભાષા (સં. હિં.), અનુ. શોભાચન્દ્ર ભારિલ્લ, પ્રકા. તિલોકરત્ન સ્થાનકવાસી જૈન પરીક્ષા બોર્ડ, પાથર્ડી, ઈ. સ. ૧૯૪૨ (પહેલી આ.).

જૈન તર્કભાષા (સં.), સંપા. વિજયનેમિસૂરિ, પ્રકા. જશવંતલાલ ગિરધરલાલ શાહ, અમદાવાદ, ઈ. સ. ૧૯૫૧.

જૈન તર્કભાષા (સં.), સંપા. સંઘવી સુખલાલ, પ્રકા. સિંઘી જૈન ગ્રંથમાલા, ઈ. સ. ૧૯૩૮ (પહેલી આ.).

જૈન તર્કભાષા (સં. હિં.), (પં. ઈશ્વરચંદ્ર શર્માના હિંદી વિવેચન સાથે), સંપા. મુનિ રત્નભૂષણવિજય, મુનિ હેમભૂષણવિજય, પ્રકા. ગિરિશ હ. ભણશાલી, અરવિંદ મ. પારેખ, વિ. સં. ૨૦૩૩.

જૈન તર્કભાષા (સં. અં.), અનુ. સંપા. ડૉ. દયાનંદ ભાર્ગવ, પ્રકા. મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ઈ. સ. ૧૯૭૩ (પહેલી આ.).

જૈન પ્રાચીન પૂર્વાચાર્યો રચિત સ્તવન સંગ્રહ, (વર્ધમાન જિનેશ્વરનું દસ મતનું ગુજ. સ્તવન સમાવિષ્ટ), પ્રકા. મોતીચંદ રૂપચંદ ઝવેરી, ઈ. સ. ૧૯૧૯.

જૈન શાસ્ત્ર કથા સંગ્રહ (સં.), (અધ્યાત્મસાર સમાવિષ્ટ), ઈ. સ. ૧૮૮૪ (બીજી આ.).

જૈન સ્તોત્રસંદોહ ભા. ૧, (ગોડીપાર્શ્વસ્તવન, શંખેશ્વરપાર્શ્વજિનસ્તોત્ર, શમીનપાર્શ્વનાથસ્તોત્ર (ત્રણે સં.) સમાવિષ્ટ), ઈ. સ. ૧૯૩૨, વિ. સં. ૧૯૮૯.

જૈન હિતોપદેશ (સં. ગુ.), (જ્ઞાનસાર, 'સન્મિત્ર' કર્પૂરવિજયજીના ગુજરાતી વિવેચન સાથે સમાવિષ્ટ), પ્રકા. જૈન શ્રેયસ્કર મંડળ, વિ. સં. ૧૯૬૫.

જૈન ન્યાયખંડખાદ્યમ્, (સં.), વ્યા. બદરી શુક્લ, પ્રકા. ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ઈ. સ. ૧૯૬૬ (પહેલી આ.).

જ્ઞાનબિંદુપ્રકરણ (સં.), સંપા. પં. સુખલાલજી, દલસુખ માલવણિયા, પંડિતા હીરાકુમારી દેવી, પ્રકા. સિંઘી જૈન જ્ઞાનપીઠ, કલકત્તા, ઈ. સ. ૧૯૪૨ (પહેલી આ.).

જ્ઞાનસાર (સં. ગુજ.), અનુ. શાહ દીપચંદ છગનલાલ, ભાવનગર, ઈ. સ. ૧૯૦૬ (પહેલી આ.).
જ્ઞાનસાર (સં.), ( પં. ગંભીરવિજયજીની વૃત્તિ સાથે ), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૧૩, વિ. સં. ૧૯૬૯.
જ્ઞાનસાર (સં. ગુજ.), (સ્વોપજ્ઞ બાલાવબોધ સાથે), સંપા. પંડિત ભગવાનદાસ હરખચંદ, પ્રકા. શાહ હીરાલાલ દેવચંદ, અમદાવાદ, ઈ. સ. ૧૯૪૧ (પહેલી આ.).
જ્ઞાનસારઅષ્ટકમ્, ( સં. ગુજ. ) અનુ. અને સંપા. પંડિત ભગવાનદાસ હરખચંદ, પ્રકા. રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ, ખંભાત, ઈ. સ. ૧૯૪૦ (પહેલી આ.).
જ્ઞાનસારસૂત્રમ્ (અષ્ટકાનિ) તથા શ્રાવકવિધિ ધનપાલ વૃત્તિ (સં.), સંપા. યશોવિજયગણિ, પ્રકા. મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, ઈ. સ. ૧૯૨૧.
જ્ઞાનસારસૂત્રમ્ સટીક (સં.), (દેવભદ્રમુનીશની વૃત્તિ સાથે), સંપા. મુનિ લલિતવિજય, પ્રકા. આત્માનંદ સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૧૫, વિ. સં. ૧૯૭૧.
જ્ઞાનસારાષ્ટકમ્ (સં.), પ્રકા. રીખવચંદ મંછારામ, જામનગર, ઈ. સ. ૧૯૩૭ (પહેલી આ.).
જ્ઞાનસાર (સં. હિં.), પ્રકા. હિન્દી સાહિત્ય કાર્યાલય, આબૂ રોડ, ઈ. સ. ૧૯૨૧.
જ્ઞાનસાર ( સં. ગુ. ), (ગંભીરવિજયજીના વિવરણ સાથે. ગુજરાતી ભાષાંતર દીપચંદ છગનલાલનું, મરાઠી ભાષાંતર બાલચંદ હીરાચંદ ચાંદવડકરનું) પ્રકા. આનંદવિજય જૈન-શાળા, માલેગાંવ, ઈ. સ. ૧૮૬૭.
જ્ઞાનસાર (અષ્ટકાનિ) (સં.), શા. દીપચંદ છગનલાલ, ભાવનગર, ઈ. સ. ૧૮૯૯.

જ્ઞાનસાર (સં. ગુજ.), (સ્વોપજ્ઞ બાલાવબોધ સાથે), પ્રકા. જૈન પ્રાચ્ય વિદ્યાભવન, અમદાવાદ, વિ. સં. ૨૦૦૭ (બીજી આ.).

જ્ઞાનસાર (સં.), (દેવચંદ્રકૃત જ્ઞાનમંજરી ટીકા સાથે), પ્રકા. જૈન આત્માનંદ સભા, ઈ. સ. ૧૯૧૮.

જ્ઞાનસાર ભા. ૧ અને ૨ (સં.), સંપા. ભદ્રગુપ્તવિજયજી, વિ. સં. ૨૦૨૪ (પહેલી આ.), વિ. સં. ૨૦૩૩ (બીજી ભેગી આવૃત્તિ).

જ્ઞાનસાર (સં. અં.), સંપા. અનુ. એ. એસ. ગોપાણી, પ્રકા. જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુંબઈ, ઈ. સ. ૧૯૮૭ (પહેલી આ.).

જ્ઞાનસાર (સં. ગુજ.), અનુ. મુનિચંદ્રવિજયજી, પ્રકા. ગાગોદર જૈન સંઘ, કચ્છ–વાગડ, ઈ. સ. ૧૯૮૭.

જ્ઞાનસાર અષ્ટક (સં. હિં.), (હિંદી મૂલાર્થ તથા ભાવાર્થાન્વિત), સંપા. અનુ. પદ્મવિજયજી, પ્રકા. ઓમપ્રકાશ જૈન, દિલ્હી, ઈ. સ. ૧૯૬૮ (પહેલી આ.).

જ્ઞાનામૃત કાવ્યકુંજ અને શ્રી જ્ઞાનસાર ગદ્યપદ્યાત્મક અનુવાદ મૂળ સહિત (સં. ગુજ.), અનુ. સંઘવી વેલચંદ ધનજીભાઈ, પ્રકા. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, વિ. સં. ૧૯૭૫.

જ્ઞાનાર્ણવપ્રકરણમ્ (સં.), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, વિ. સં. ૧૯૯૭.

જ્ઞાનાર્ણવપ્રકરણં જ્ઞાનબિન્દુપ્રકરણશ્ચ (સં.), (સવિવરણં), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૪૬.

(ઉમાસ્વાતિકૃત) તત્ત્વાર્થસૂત્ર (સં.), (યશોવિજયકૃત ટીકાનાં

ઉપલબ્ધ અંશ સાથે), પ્રકા. માણેકલાલ મનસુખભાઈ, અમદાવાદ, ઈ. સ. ૧૯૨૪.

દોઢસો ગાથાનું સ્તવન તથા સવાસો ગાથાનું સ્તવન (ગુજ.), (વિવેચન : અમૃતલાલ અમરચંદ), પ્રકા. શ્રાવિકા હરકોર, પાલીતાણા, ઈ. સ. ૧૯૨૩, વિ.સં. ૧૯૭૯.

દોઢસો ગાથાઓનું સ્તવન (ગુજ.), પ્રકા. કુસુમવિજયજી જૈ. શ્વે. પુસ્તકાલય, અમદાવાદ, ઈ. સ. ૧૯૨૪ (પહેલી આ.).

દોઢસો ગાથાનું સ્તવન (ગુજ.), સંપા. પ્રકા. સલોત અમૃતલાલ અમરચંદ, પાલીતાણા, ઈ. સ. ૧૯૨૩.

દ્રવ્યગુણપર્યાયનો રાસ (ગુજ.), (સ્વોપજ્ઞ સ્તબક સાથે), પ્રકા. જૈન શ્રેયસ્કર મંડલ, મહેસાણા, ઈ. સ. ૧૯૩૮ (પહેલી આ.).

દ્રવ્યગુણપર્યાયનો રાસ (ગુજ.), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ. સ. ૧૯૦૮ (પહેલી આ.).

દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા (સં.), (સ્વોપજ્ઞ તત્ત્વાર્થદીપિકા ટીકા સાથે), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૧૦ (પહેલી આ.).

દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા (સં.), (આનંદસાગરસૂરિકૃત સંસ્કૃત ટિપ્પણ સાથે), –.

ધર્મપરીક્ષા (પ્રા.સં.), (સ્વોપજ્ઞ સંસ્કૃત વિવરણ સાથે), સંપા. પંડિત ભગવાનદાસ હર્ષચંદ્ર, પ્રકા. હેમચંદ્રાચાર્ય સભા, પાટણ, ઈ. સ. ૧૯૨૨ (પહેલી આ.).

ધર્મપરીક્ષા (પ્રા.), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૪૨.

(માનવિજયજીકૃત) ધર્મસંગ્રહ ભાગ ૧, ૨ (સં.), (યશોવિજયજીકૃત સંસ્કૃત ટિપ્પણ સાથે), પ્રકા. દે. લા.

જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત, અનુક્રમે ઈ. સ. ૧૯૧૫ અને ૧૯૧૮.

(માનવિજયજીકૃત) ધર્મસંગ્રહ (સં.ગુ.), (સ્વોપજ્ઞ વૃત્તિ અને યશોવિજયકૃત ટિપ્પણ અનુવાદ સાથે),અનુ. ભદ્રંકરવિજયજી, પ્રકા. નરોત્તમ મયાભાઈ શાહ, વિ. સં. ૨૦૦૯, ભા. ૨, પ્રકા. અમૃતલાલ જેસિંગભાઈ, અમદાવાદ, વિ. સં. ૨૦૧૪.

નયરહસ્યપ્રકરણ (સં.), (વિજયલાવણ્યસૂરિકૃત પ્રમોદા વિવૃત્તિ સહ), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ૧૯૪૭ (પહેલી આ.).

નયોપદેશ (સં.), (સ્વોપજ્ઞ વૃત્તિ સાથે), પ્રકા. આત્મવીર સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૧૧.

નયોપદેશ, ભા. ૧, ૨ (સં.), (સ્વોપજ્ઞ ન્યાયામૃતતરંગિણી સંસ્કૃત ટીકા તથા વિજયલાવણ્યસૂરિવિરચિત તરંગિણી-તરણિ:) પ્રકા. વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર, બોટાદ, અનુક્રમે ઈ. સ. ૧૯૫૨ તથા ૧૯૫૬ (પહેલી આ.).

નયોપદેશપ્રકરણમ્ (સં.), પ્રકા. શ્રાવક હીરાલાલ હંસરાજ, જામનગર, ઈ. સ. ૧૯૧૨.

નવગ્રન્થિ (સં.), (આત્મખ્યાતિ, વાદમાલા, દ્વિતિયા-તૃતીયા-વિષયતાવાદ, વાયૂષ્મદે, પ્રત્યક્ષાપ્રત્યક્ષત્વવિવાદરહસ્ય, ન્યાયસિદ્ધાંતમંજરી, શબ્દખંડટીકા, યતિદિનકૃત્યમ્, વિચારબિન્દુ, તેરકાઠિયાંસ્વરૂપવાર્તિકમ્, સંપા. યશોદેવ-સૂરિ, પ્રકા. યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૮૧.

નવપદની પૂજા (ગુજ.), પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૨૫ (પહેલી આ.).

નવપદની પૂજા તથા નવપદઓલાની વિધિ (ગુજ.), પ્રકા.

જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૪૦ (બીજી આ.).
ન્યાયાલોક (સં.), (વિજયનેમિસૂરિકૃત તત્ત્વપ્રભા વિવૃત્તિ સાથે), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૧૮, વિ. સં. ૧૯૭૪.
ન્યાયખંડખાદ્યાપરનામમહાવીરસ્તવ, ખંડ ૧, ભા. ૨ (સં.), (દર્શનસૂરિકૃત કલ્પલતિકા વિવૃતિ સાથે), પ્રકા. તારાચંદ્ર મોતીજી, જાવાલ, વિ. સં. ૧૯૯૩.
ન્યાયખંડખાદ્યાપરનામમહાવીરસ્તવ ખં. ૨ ભા. ૨–૩, (સં.), (દર્શનસૂરિકૃત કલ્પલતિકા વિવૃત્તિ સાથે), પ્રકા. તારાચંદ મોતીજી, જાવાલ, વિ. સં. ૧૯૯૩.
ન્યાયખંડખાદ્યાપરનામમહાવીરસ્તવપ્રકરણમ્ (સં.), (વિજયનેમિની વિવૃત્તિ સાથે), પ્રકા. માણેકલાલ મનસુખભાઈ, અમદાવાદ, ઈ. સ. ૧૯૨૮.
ન્યાયાલોક (સં.), મનસુખભાઈ ભગુભાઈ, –.
પરમજ્યોતિપંચવિંશતિ, પૂર્વાર્ધ–અનુવાદ (સં. ગુજ.), (પ્રથમા–દ્વિતીય–અધ્યાત્મઉપનિષદરૂપ), પદ્ય અનુવાદક માણેકલાલ ઘેલાભાઈ, ગદ્યાનુવાદ તથા વિવેચન પં. લાલન, પ્રકા. મેઘજી હીરજીની કું. મુંબઈ, વીર સં. ૨૪૩૬.
પરમાત્મજ્યોતિ, સંપા. ઝવેરી મોહનલાલ ભગવાનદાસ, પ્રકા. અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડલ, મુંબઈ, ઈ. સ. ૧૯૩૧ (ત્રીજી આ.).
(હરિભદ્રસૂરિકૃત) પાતંજલયોગદર્શન, હરિભદ્રી યોગવિંશિકા, (યશોવિજયજીકૃત સંસ્કૃત વ્યાખ્યા અને વિવરણ સાથે), સંપા. સુખલાલજી, પ્રકા. આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા, ઈ. સ. ૧૯૨૨.
પ્રકરણરત્નાકર ભા. ૧, (યોગદષ્ટિ સજ્ઝાય જ્ઞાનવિમલસૂરિના

બાલાવબોધ સાથે, અધ્યાત્મસાર વીરવિજયના બાલાવબોધ સાથે, સમાધિશતક, સમતાશતક, દિક્પટચોરાશી બોલ, સીમંધર સ્વામી ૩૫૦ ગાથા સ્તવન પદ્મવિજયના બાલા. સાથે સમાવિષ્ટ), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ. સ. ૧૮૭૬.

પ્રકરણરત્નાકર ભા. ૨ (પ્રા. ગુજ.), (અધ્યાત્મમતપરીક્ષા, પદ્મવિજયના બાલાવબોધ સાથે સમાવિષ્ટ), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ. સ. ૧૮૭૬ (પહેલી આ.).

પ્રકરણરત્નાકર ભા. ૩, (મહાવીર જૈન સ્તુતિરૂપ ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન, કાગળ, સીમંધર સ્વામી વિનતિરૂપ સવાસો ગાથાનું સ્તવન બાલા. સાથે સમાવિષ્ટ), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ. સ. ૧૮૭૮ (પહેલી આ.).

પ્રતિમાશતક (સં.ગુજ.), (ભાવપ્રભસૂરિવિરચિત લઘુવૃત્તિ અને વૃત્તિના ગુજ. અનુ. સહિત) ગુજ. અનુવાદક વકીલ મૂલચંદ નથુભાઈ, પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, વિ. સં. ૧૯૫૯ (પહેલી આ.).

પ્રતિમાશતક ગ્રંથ (સં.), (સ્વોપજ્ઞ બૃહત વૃત્તિ સાથે), પ્રકા. મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, વિ.સં. ૧૯૭૬.

પ્રતિમાશતક (સં.), (ભાવપ્રભસૂરિકૃત વૃત્તિ સાથે), પ્રકા. આત્માનંદ સભા, ભાવનગર, વિ. સં. ૧૯૭૧.

પ્રતિમાસ્થાપનન્યાયઃ પરમજ્યોતિઃપંચવિંશતિકા પરમાત્મપંચવિંશતિકા (સં.), પ્રકા. મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, વીર સં. ૨૪૪૬.

પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ (ગુ.), (સીમંધર સ્વામીના ૧૨૫ ગાથા તથા ૩૫૦ ગાથાનાં સ્તવનો, વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન સમાવિષ્ટ), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, વિ. સં. ૧૯૯૬.

ભાષારહસ્ય (પ્રા. સં.), ( મૂલ તથા વૃત્તિ ), પ્રકા. મનસુખભાઈ ભગુભાઈ, –.

ભાષારહસ્યપ્રકરણ (પ્રા. સં.), ( સ્વોપજ્ઞ વૃત્તિ સહિત), યોગવિંશિકા વ્યાખ્યા (સં.), કૂપદષ્ટાંતવિશદીકરણપ્રકરણ (પ્રા. સં.), ( સ્વોપજ્ઞ વૃત્તિ તત્ત્વવિવેકસહિત ), નિશાભક્તદુષ્ટત્વવિચાર (સં.), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૪૧, વિ. સં. ૧૯૯૭.

મનનું મારણ (ગુ.), (યશોવિજયકૃત અમૃતવેલની નાની સજ્ઝાય અને તેનું વિવેચન), ધીરજલાલ ટોકરશી શાહ, પ્રકા. ધર્મબોધ ગ્રંથમાલા પુષ્પ ૧૬, વિ. સં. ૨૦૦૯.

મહાવીરસ્તવપ્રકરણમ્ ન્યાયખંડખાદ્યાપરનામ (સં.), (સ્વોપજ્ઞ વિવરણ સહિત), પ્રકા. મનસુખભાઈ ભગુભાઈ, –.

માર્ગપરિશુદ્ધિ (સં.), સંપા. મોહનવિજય, પ્રકા. મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, વીર સં. ૨૪૪૬, વિ. સં. ૧૯૭૬.

માર્ગપરિશુદ્ધિપ્રકરણમ્ (સં.), યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ, (પ્રા.) (વીરસ્તવન (સં.) સાથે), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૪૭.

યશોવિજયવાચક ગ્રંથસંગ્રહ (સં.પ્રા.), ( પાતંજલયોગદર્શનમ્ સ્યાદવાદમતાનુસારિણી વૃત્તિ, નયરહસ્યપ્રકરણમ્, સપ્તભંગી. નયપ્રદીપપ્રકરણમ્, નયોપદેશપ્રકરણમ્, આધ્યાત્મિકમતખંડનપ્રકરણમ્, પાર્શ્વનાથજિનસ્તોત્રમ્, શંખેશ્વરપાર્શ્વનાથસ્તોત્રમ્, અનેકાન્તવાદ ( સ્યાદ્વાદમાહાત્મ્યવિંશિકા ), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૪૨, વિ. સં. ૧૯૯૮.

યશોવિજયજીકૃત ગ્રંથમાળા (સં. પ્રા.), (અધ્યાત્મસારગ્રંથ, દેવધર્મપરીક્ષા, અધ્યાત્મોપનિષદ્, આધ્યાત્મિકમતપરીક્ષા-

વૃત્તિ, યતિલક્ષણસમુચ્ચયપ્રકરણમ્, નયરહસ્યપ્રકરણમ્, નયપ્રદીપ, નયોપદેશ, જૈનતર્કપરિભાષા, જ્ઞાનબિંદુ), પ્રકા. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ. સં. ૧૯૬૫.

યશોવિજયજીવિરચિત પ્રાચીન સ્તવનો (ગુ.) (સીમંધર સ્વામી ૧૨૫ ગાથાનું સ્તવન, સીમંધર સ્વામી ૩૫૦ ગાથાનું સ્તવન, વીરસ્તુતિ રૂપ હૂંડીનું સ્તવન સમાવિષ્ટ), પ્રકા. મહાવીર જૈન સભા, ખંભાત, ઈ. સ. ૧૯૧૩.

વાદમાલાટીકા(સં.), સંપા. શિવાનન્દવિનયગણિ, પ્રકા. જૈનગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૫૨ (પહેલી આ.).

વાદસંગ્રહ (પ્રા. સં.), (કૂપદૃષ્ટાન્તવિશદીકરણ, વાદમાલા, વિષયતાવાદ, વાયૂષ્માદે, પ્રત્યક્ષાપ્રત્યક્ષત્વવિવાદરહસ્યમ્), સંપા. જયસુંદરવિજયજી, ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ, પિંડવાડા, ઈ. સ. ૧૯૭૪, વિ. સં. ૨૦૩૧ (પહેલી આ.).

વિરાગવેલડી (સં. ગુ.), (વૈરાગ્યકલ્પલતાનો પ્રથમ સ્તબક ગુજરાતી ભાવાનુવાદ સાથે), અનુ. પ્રકા. ચંદ્રશેખરવિજયજી.

વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન (ગુજ.), પ્રકા. શાહ પ્રેમચંદ સાંકળચંદ, અમદાવાદ, ઈ. સ. ૧૯૧૬ (પહેલી આ.).

વૈરાગ્યકલ્પલતા (દ્વાદ્રશકુલકમ્), (સં.), સંપા. પં. ભગવાનદાસ હર્ષચન્દ્ર, પ્રકા. શાહ હીરાલાલ દેવચંદ, અમદાવાદ, ઈ. સ. ૧૯૪૩ (પહેલી આ.).

વૈરાગ્યકલ્પલતા (સં.), યશોભારતી જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, –.

વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સં. ગુજ.), (ભાષાંતર સહિત) પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ. સ. ૧૯૦૧.

વૈરાગ્યરતિ (સં), સંપા. રમણિકવિજયગણિ, પ્રકા. યશોભારતી

જૈન પ્રકાશન સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૬૯ (પહેલી આ.).

વૈરાગ્યોપદેશક વિવિધ પદ સંગ્રહ, (જસવિલાસનાં પદો સમાવિષ્ટ), પ્રકા. શ્રાવક ભીમસિંહ માણક, મુંબઈ, ઈ. સ. ૧૯૦૨ (બીજી આ.).

(હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય તથા યશોવિજયકૃત સ્યાદ્વાદકલ્પલતા સ્તબક ૧ (સં. હિં.), (ઉક્ત ગ્રંથકી વ્યાખ્યાકા હિંદી વિવેચન), સંપા. બદ્રીનાથ શુક્લ, પ્રકા. ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ઈ. સ. ૧૯૭૭ (પહેલી આ.).

(હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય ઔર ઉસકી (યશોવિજય-કૃત) વ્યાખ્યા સ્યાદ્વાદકલ્પલતાકા હિન્દી વિવેચન સ્તબક ૨–૩ (સં. હિં.), વિ. બદ્રીનાથ શુક્લ, પ્રકા. દિવ્યદર્શન ટ્રસ્ટ, મુંબઈ, ઈ. સ. ૧૯૮૦.

(હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય સ્તબક ૫–૬ (સં. હિં.) (બૌદ્ધમત-સમીક્ષા), સંપા. બદરીનાથ શુક્લ, પ્રકા. દિવ્યદર્શન ટ્રસ્ટ, મુંબઈ, ઈ. સ. ૧૯૮૩ (પહેલી આ.).

(હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય સ્તબક ૮ ઔર ઉસકી (યશોવિજયકૃત) વ્યાખ્યા સ્યાદ્વાદકલ્પલતાકા હિન્દી વિવેચન (સં. હિં.), સંપા. બદ્રીનાથ શુક્લ, પ્રકા. દિવ્યદર્શન ટ્રસ્ટ, મુંબઈ, ઈ. સ. ૧૯૮૨, વિ. સં. ૨૦૩૮ (પહેલી આ.).

(હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તાસમુચ્ચય (સં.), (યશોવિજયજીકૃત કલ્પલતાવૃત્તિ તથા વિજયઅમૃતસૂરિકૃત કલ્પલતાવતારિકા ટીકા વગેરે સાથે), પ્રકા. જૈન સાહિત્યવર્ધક સભા, શિરપુર, ઈ. સ. ૧૯૫૮ (પહેલી આ.).

(હરિભદ્રસૂરિકૃત) શાસ્ત્રવાર્તા સમુચ્ચય ભા. ૧ (સં.), (યશોવિજયજીકૃત સ્યાદ્વાદકલ્પલતા ટીકા સાથે), સંપા.

પંડિત હરગોવિંદદાસ, પ્રકા. દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત, ઈ. સ. ૧૯૧૪, વિ. સં. ૧૯૭૦.

વિનયવિજય તથા યશોવિજયકૃત શ્રીપાળ રાજાનો રાસ (ગુજ.), પ્રકા. ભીમસિંહ માણક, મુંબઈ, ઈ.સ. ૧૮૯૪ (બીજી આ.), ઈ. સ. ૧૯૦૬, ઈ. સ. ૧૯૦૯, ઈ. સ. ૧૯૧૭ (પાંચમી આ.).

શ્રીપાળ રાજાનો રાસ (ગુજ.), (તથા દેવચંદ્રજી વગેરેની સ્નાત્રપૂજાઓ), પ્રકા. આત્માનંદ સભા, ભાવનગર, વિ. સં. ૧૯૯૦.

શ્રીપાળ રાજાનું રાસ (ગુજ.), પ્રકા. —, મુંબઈ, ઈ. સ. ૧૮૭૮ (પહેલી આ.).

શ્રીપાળ રાજાનો રાસ (ગુજ,), પ્રકા. ભોગીલાલ રતનચંદ વોરા, અમદાવાદ, ઈ. સ. ૧૯૩૭ (પહેલી આ.).

શ્રીપાળ રાજાનો રાસ (ગુજ.) પ્રકા. દલપત ભગુભાઈ, અમદાવાદ,

શ્રીપાળ રાજાનો રાસ ( ગુજ. ), પ્રકા. ઉમેદ હરગોવન, અમદાવાદ, ઈ. સ. ૧૮૬૩.

શ્રુતજ્ઞાન અમીધારા (સં.),(અધ્યાત્મોનિષદ્, જ્ઞાનસાર સમાવિષ્ટ), પ્રકા. —, ઈ. સ. ૧૯૩૬.

(હરિભદ્રસૂરિકૃત) ષડ્દર્શનસામુચ્ચયઃ (સં.), ઉ. યશોવિજયજીકૃત જ્ઞાનસારપ્રકરણમ્, મલધારી રાજશેખરસૂરિકૃત ષડ્દર્શન-સામુચ્ચયઃ, પ્રકા. નારાયણ ક્ષેમચંદ્ર, સુરત, ઈ. સ. ૧૯૧૮.

( હરિભદ્રસૂરિકૃત ) ષોડશકપ્રકરણ ( સં. ), ( યશોભદ્રસૂરિકૃત વિવરણ તથા યશોવિજયકૃત યોગદીપિકા વૃત્તિ સાથે), પ્રકા. દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ, સુરત, ઈ.સ. ૧૯૧૧.

સપ્તભંગી-નયપ્રદીપ-પ્રકરણ (સં.), ( વિજયલાવણ્યસૂરિકૃત વિવૃત્તિ સાથે), જૈન પ્રકાશક સભા, અમદાવાદ વિ.સં. ૧૯૯૬.

સમકિતના ૬ બોલની સજ્ઝાય તથા અઢાર પાપસ્થાન સજ્ઝાય (ગુજ.), પ્રકા. જૈન શ્રેયસ્કર મંડલ, મહેસાણા, ઈ. સ. ૧૯૨૫.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય (ગુજ.), (શબ્દાર્થ, ગાથાર્થ, સમજ વ. સાથે), સંપા. પ્રભુદાસ બેચરદાસ પારેખ, પ્રકા. જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, ઈ. સ. ૧૯૫૧, વિ. સં. ૨૦૦૭.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય (ગુ.), પ્રકા. યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, મહેસાણા, ઈ. સ. ૧૯૦૮ (ત્રીજી આ.).

પંચપરમેષ્ટિગીતા (ગુ.), સંપા. કલાપૂર્ણસૂરિજી, –.

(યશોવિજયકૃત) સમતાશતક (ગુ.) અને (સિંહવિજયકૃત) સામ્યશતક (સં.) (ભાવાનુવાદ સાથે), પ્રકા. જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુંબઈ, –.

સમાધિશતકમ અને આત્મશક્તિપ્રકાશ, (ગુ.), સંપા. બુદ્ધિસાગરજી,–ઈ. સ. ૧૯૦૬.

સમાધિશતકમ્ (સં), (બુદ્ધિસાગરસૂરીશ્વરના વિવેચન સાથે), પ્રકા. અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ, ઈ. સ. ૧૯૬૫ (ત્રીજી આ.).

સમ્યક્ત્વના સાડસઠ બોલની સજ્ઝાય (ગુજ.). (અર્થ સમજૂતી સાથે), પ્રયો. અને પ્રકા. મોહનલાલ દલીચંદ દેશાઈ, મુંબઈ, ઈ. સ. ૧૯૧૨ (પ્રથમ આ.).

સવાસો ગાથાનું સ્તવન (ગુજ.), પ્રકા. શેઠ મયાભાઈ લલ્લુભાઈ, અમદાવાદ.

સવાસો ગાથાનું શ્રી સીમંધર સ્વામીનું સ્તવન (ગુજ.), (વિવેચન સહિત), પ્રકા. શાહ કિશનલાલ સંપતલાલ લૂનાવત, –

સવાસો, દોઢસો, સાડાત્રણસો ગાથાઓનાં સ્તવનો (ગુજ.), પ્રકા. અમરચંદ પ્રેમચંદ, ખંભાત, ઈ. સ. ૧૯૧૯, વિ. સં. ૧૯૭૫ (પહેલી આ.).

સવાસો, દોઢસો ને સાડીત્રણસો ગાથાનાં સ્તવનો, (ગુ.) (સાક્ષીપાઠ સહિત), પ્રકા. ઋષભદેવજી કેસરીમલજી શ્વેતાંબર સંસ્થા, રતલામ, ઈ. સ. ૧૯૩૩, વિ. સં. ૧૯૯૦.

સવાસો, દોઢસો ને સાડા ત્રણસો ગાથાનાં સ્તવનો (ગુજ.), પ્રકા. મહાવીર જૈન સભા, ખંભાત, ઈ. સ. ૧૯૧૯, વિ. સં. ૧૯૭૫.

૧૨૫–૧૫૦–૨૫૦ ગાથાનાં સ્તવનો આદિ (ગુજ.), પ્રકા. ઝવેરી મોહનલાલ ડાહ્યાભાઈ, અમદાવાદ, વિ. સં. ૧૯૭૭.

સામાચારીપ્રકરણં (પ્રા. સં.), (આરાધક-વિરાધક-ચતુર્ભંગી પ્રકરણ સ્વોપજ્ઞ વૃત્તિ સાથે), પ્રકા. જૈન આત્માનંદ સભા, ભાવનગર, ઈ. સ. ૧૯૧૭, વિ. સં. ૧૯૭૩.

સીમંધર સ્વામીની વિનતિરૂપ સવાસો ગાથાનું સ્તવન (ગુજ.),(વિવેચન સાથે) પ્રકા. સલોત અમૃતલાલ અમરચંદ, પાલીતાણા, વિ. સં. ૧૯૭૯.

સીમંધરસ્વામીનું વિનતિરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન, (ગુજ.), પ્રકા. જયંતિલાલ જાદવજી, પાલીતાણા, ઈ. સ. ૧૯૪૭. (પહેલી આ.).

(હરિભદ્રસૂરિકૃત) સ્તવપરિજ્ઞા (સં.), (યશોવિજય ઉપાધ્યાય કૃત અવચૂરિ સહિત), સંપા. પ્રભુદાસ બેચરદાસ પારેખ, પ્રકા. કૃષ્ણા આર્ટ મુદ્રણાલય, બ્યાવર, ઈ.સ. ૧૯૭૧.

(હરિભદ્રસૂરિકૃત) સ્તવપરિજ્ઞા (સં.), (યશોવિજયજીકૃત અવચૂરિ સાથે), સંપા. પ્રભુદાસ બેચરદાસ પારેખ, પ્રકા. પોતે, રાજકોટ, ઈ. સ. ૧૯૭૩, વિ. સં. ૨૦૨૯.

સ્તવન ચોવીસી (ગુજ.), (અર્થ-ભાવાર્થ સહિત), અનુ.

કુંદકુંદસૂરિજી મહારાજ, પ્રકા. સાર્વ કલ્યાણકર સમિતિ, આરાધનાધામ, પો. વડાલિયા સીંહણ, જિ. જામનગર, વિ. સં. ૨૦૪૩ (બીજી આ.).

સ્તુતિચતુર્વિંશતિકા, (યશોવિજયકૃત ઐન્દ્રસ્તુતિ, વિજયપ્રભસૂરિસ્વાધ્યાય સમાવિષ્ટ), સંપા. હીરાલાલ ર. કાપડિયા, પ્રકા. આગમોદય સમિતિ, ઈ.સ. ૧૯૩૦.

સ્તુતિતરંગિણી (સં.) (ઐન્દ્રસ્તુતિ, આંતરોલીમંડન શ્રી વાસુપૂજ્ય થોય (ગુ.) સમાવિષ્ટ), પ્રકા. લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા, ગ્રન્થાંક ૩૬, ઈ. સ. ૧૯૫૪.

સ્તોત્રાવલી (સં.) સંપા. યશોવિજયજી, અનુ. રુદ્રદેવ ત્રિપાઠી, પ્રકા. યશોભારતી જૈન પ્રકાશક સમિતિ, મુંબઈ, ઈ. સ. ૧૯૭૫ (પહેલી આ.).

સ્યાદ્વાદરહસ્યપત્રમ, (સં.) (વિજયાનંદસૂરિની વૃત્તિ સાથે), પ્રકા. જૈન ગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ, ઈ. સ. ૧૯૩૬.

સ્યાદ્વાદરહસ્ય, (સ.). પ્રકા. જયસુંદરવિજય પ્રકા. ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ, પિંડવાડા, વિ. સં. ૨૦૩૨.

卐